Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન સત્ય પ્રકાશ

વર્ષ ૧૦ : અંક ૧૦] તંત્રી–ચીમનલાલ ગોકળદાસ શાહ [ક્રમાંક ૧૧૮

## વિ ષ ય – દ ર્શ ન


૧ सेठ शांतिदासके मन्दिर संबंधी फरमानका समयः
श्री अगरचन्दजी नाहटा — ટાઇટલ પાનું ૨

૨ શ્રી વિદ્યાપ્રભસૂરિવિરચિત આત્માભાવના–બત્રીશીઃ
પૂ. મુ. મ. શ્રી જયંતવિજયજી — ૧૯૭

૩ ધન સાર્થવાહ : પૂ. ઉ. મ. શ્રી. સિદ્ધિમુનિજી — ૧૯૯

૪ વિકથા : પ્રકારો ને ઉપપ્રકારો : પ્રો. હીરાલાલ ર. કાપડિયા — ૨૦૬

૫ जैन इतिहासमें कांगडा : डा. बनारसीदासजी जैन — ૨૧૧

૬ વિશ્વવિગ્રહની મુખ્ય મુખ્ય ઘટનાઓ — ૨૧૬

૭ छत्तीसगढ प्रान्तमें प्राचीन भित्तिचित्र : पू. मु. म. श्री कांतिसागरजी — ૨૨૩

૮ શાસ્ત્ર–માહાત્મ્ય — પૂ. મુ. મ. શ્રી ન્યાયવિજયજી — ૨૨૬

૯ भूलसुधार : પાંચ પૂજ્યોનાં ચતુર્માસ–સ્થળ. — ટાઇટલ પાનું ૩


લવાજમ–વાર્ષિક બે રૂપિયા : છૂટક ચાલુ અંક–ત્રણ આના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# शेठ शांतिदासके मन्दिर सम्बन्धी फरमानका समय

लेखक:—श्रीयुत अगरचंदजी नाहटा

"श्री जैन सत्य प्रकाश" के क्रमांक ९८ में मुनिराज न्यायविजयजीका "केटलांक महत्वनां फरमान–पत्रो" शीर्षक लेख छपा है। उसमें श्रीकृष्णलाल मोहनलाल झवेरी सम्पादित ५ फरमान–पत्रोंका अनुवाद प्रकाशित किया गया है। उन फरमानोंमेंसे नं. ४ वाला फरमान शेठ शांतिदासके बनवाये हुए जैन मंदिरकी औरंगजेब (जब कि वह अहमदावादका सूबेदार हुआ होगा) ने मस्जिद बना डाली थी, उसे सम्राट् शाहजहांने पुनः जैन मन्दिरके रूपमें व्यवस्थित करके शेठ शान्तिदासके सुपर्द करनेका आदेश देनेके लिये दिया है। उक्त फरमानका समय मुनिजी एवं श्रीकृष्णलाल झवेरीने हि. सन १०८१ बतलाया है, पर वह सर्वथा अशुद्ध है, अतः इस लेखमें उसके वास्तविक समय पर प्रकाश डाला जाता है, ताकि अन्य कोई सज्जन उक्त लेखके भ्रान्त उल्लेखका पिष्टपेषण न कर बैठे।

उक्त फरमानका संवत् हि. सन १०८१ तो निम्न दो कारणोंसे असंभव है—

१. यह फरमान सम्राट् शाहजहांने दिया था जिसकी मृत्यु हि. सन १०८१ के ६ वर्ष पूर्व ही हि. सन १०७५ में हो चुकी थी। और हि. सन १०६८ में औरंगजेबने शासनसूत्र ले लिया था। अतः फरमानका समय सन १०६८ से पूर्व ही निश्चित है।

२. फरमानमें मंदिर शेठ शांतिदासको सुपर्द करनेका कहा गया है, पर हि. सन १०८१ में वे भी जीवित नहीं थे। यद्यपि शेठ शांतिदास के स्वर्गका निश्चित समय अभी तक मेरे अवलोकनमें नहीं आया, फिर भी अध्यात्म–ज्ञान–प्रसारक–मंडल पादरासे प्रकाशित "जैन ऐतिहासिक रासमाला" में फरमान नं. २ हि. सन १०६९ का (सम्राट् औरंगजेबके दिये हुएका) अनुवाद प्रकाशित है उसमें लिखा है कि सम्राट्को शेठ शांतिदासके पुत्र लक्ष्मीचन्द्रने कामदारोंकी मारफत अरजी भेजी। इससे शांतिदासजी उससे पूर्व स्वर्गवासी हो चुके ज्ञात होते हैं। अतएव फरमानका समय १०६८ हिजरी सनसे पूर्वका ही निश्चित होता है।

अब उसके वास्तविक समयका निश्चय करते हैं—

यह फरमान श्रीकृष्णलाल झवेरीने ही पहलेपहल सम्पादित किया हो यह बात नहीं है। उससे बहुत वर्ष पूर्व और मुनिराज न्यायविजयजीके लेखसे तो ३१ वर्ष पूर्व श्रीयुत मोहनलाल द. देसाईने अपने सम्पादित "जैन ऐतिहासिक रासमाला" के पृष्ठ ३० में इसी फरमानका अनुवाद प्रकाशित किया है, जिसमें इसका समय हि. सन १०५८ छपा है, और वही इसका वास्तविक समय है। पता नहीं श्रीकृष्णलाल झवेरीने इतनी बडी भूल कैसे की?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

# श्री जैन सत्य प्रकाश

| | | |
|---|---|---|
| वर्ष १० | વિક્રમ સં. ૨૦૦૧ : વીરનિ. સં. ૨૪૭૧ : ઈ. સ. ૧૯૪૫ | क्रमांक |
| अंक १० | અશાડ શુદિ ૬ : રવિવાર : ૧૫ મી જુલાઈ | ११८ |

## શ્રીવિદ્યાપ્રભસૂરિવિરચિત આત્મભાવના બત્રીશી

સંગ્રાહકઃ—પૂજ્ય મુનિમહારાજ શ્રીજયંતવિજયજી

ॐ નમઃ (દુહા)

પાસ જિણેસર પય નમી, સમરી સરસતિ માય;
મુઝ વીતક બોલઉં સહી, નિસણુ શ્રીજિનરાય. ॥૧॥
આશાતના કીધી ઘણી. આણુ વિરોધી જેહ;
તે સવે મુઝ બોલતાં, કિમિઈ ન આવિ છેહ. ॥૨॥
કાલ અનંતુ જે ગયું, તુઝ વિણુ સ્વામી જેહ;
ન્યાંન વિના તે કુંણુ કહઈ, જે ભવભ્રમણુ અનેક. ॥૩॥
ઈણિ સંસારઇ ભમંતડાં, પાંમ્યાં સુખ અપાર;
તુહિ ઇ જીવ તૃપતુ નહી, સુણિ શ્રીજગદાધાર. ॥૪॥
યથાપ્રવૃતિકરણી કરી, પામિઉ માણુસ જન્મ;
કાશકુશમ નિઃફલ કરિઉ, ધિગ્ ધિગ્ માહરા કર્મ. ॥૫॥
વેલૂ ઘાંણી પીલતાં, નેઠ કિહાંથી હોઈ;
મૃગતૃષ્ણા—જલ પીયતાં, તૃષાછેદ કિમ હોઈ. ॥૬॥
આકદૂધ મેલી કરી, ગાયદૂધ કિમ થાઈ;
દુરજન માણુસ રૂયડાં, સજ્જન જિમ ન કહાય. ॥૭॥
દરપણમાંહિ ધન ઘણુઉ, લીધઈ સિઉં સરઈ કાજ;
સુપનાંતરિ રાજા થયઉ, સિઉં ઘરિ આવિ રાજ. ॥૮॥
ઈમ નરભવ પામી કરિ, મઈ નવિ સારિઉં કાજ;
સુણિ સ્વામી ત્રિભુવનધણી, આલિ હુંયુ ભવ આજ. ॥૯॥
માયા માંડી અતિઘણી, ભામિ પાડયા લોક;
આપ કાજ કીધઉં નહી, મેલ્યાં ઉપગરણુ ફોક. ॥૧૦॥
મઈ સિદ્ધાંત ભણ્યા ઘણા, પર રીઝવાની કામિ;
પણિ હીયડઉં ભેદિઉં નહીં, સુણિ સંખીસર સ્વામિ. ॥૧૧॥
મલિન વેષ પહિર્યાં ઘણા, કીધા મસ્તકિ લોચ;
દંભ ક્રિયા માંડી બહુલ, કપટ બુદ્ધિ આલોચ. ॥૧૨॥
તપ જપ મિ કીધા ઘણા, પચખાંણુ સંકેત;
લોક જણાવા કારણિઈં, નરગતણા સંકેત. ॥૧૩॥
સાધુ સાધુ પોકાર કરિ, શ્રાવક પાડયા પ્રાસ;
પરનિંદા કીધી ઘણી, ધરમ ખરૂ મુઝ પાસિ. ॥૧૪॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચરણા આજ્ઞા ભણી, લોપિઉ મઈ વદિ વાદ;
સુધઉ મારગ ઉલવી, માંડિઉ મિથ્યાવાદ. ॥૧૫॥
સામાચારી પરતણી, મિ મૂકાવી દેવ;
અક્ષર ખરૂ જાંણુઉં નહી, એ મુઝ ભૂંડી ટેવ. ॥૧૬॥
ધરમ જેહથી ઓલખિઉ, હીલ્યા તે ગુરુરાજ;
તે છાંડી અલગઉ થયઉ, નવિ મુજ સીધઉં કાજ. ॥૧૭॥
સ્વપનાંતર સંચઉ નહી, મનસિંઉ ચોરી કીધ;
અણુજાણ્યાં અણુઓલખ્યા, પરનઈ આલજ દીધ. ॥૧૮॥
સ્વામી મુઝમાંહિ ગુણ નહી, દોષતણઉ આધાર;
તુહિ માંન ન મૂંકીઉ, એહવઉ મૂઢ ગમાર. ॥૧૯॥
વિનિતાસંગ ન છંડીઉં, સીયલતણઉ જે ઘાત;
હૂં લાજું જે ભાખતું, તે તું જાણઈ વાત. ॥૨૦॥
સહિજઈ અબલાજનતણા, વિભ્રમરૂપ વિલાસ;
શકટસ્વાંન તણી પરિઈ, તિહાંતિહાં માંડી આશ. ॥૨૧॥
ધરમતણઊ મસ માંડિ કરી, પોસ્યા ઇંદ્રી એહ;
ચોઆ ચંદન છાંટણાં, સુગંધ વિલેપન જેહ. ॥૨૨॥
ગીતગાંન જે આપણાં, નિસુણી હરખ અપાર;
તેહજ કરણી આચર્યાં, જિણિ હુઈ બહુલ સંસાર. ॥૨૩॥
શ્રાવક જનથી બીહતાં, તિજ્યા પરિગ્રહ સાર;
અભ્યંતર છાંડિઉ નહી, રાગદ્વેષ નિવાર. ॥૨૪॥
એક નિજ ઘર છંડી કરી, બહુ ઘરિ મમતા કીધ;
હાહા હૂંતું નવિ ટલિઉં, સંયમ સીકલ ન લીધ. ॥૨૫॥
મહાવ્રત પંચ ન પાલિયાં, મોક્ષતણાં દાતાર;
મઈ લીહાલા કારણે, ચંદન કીધઉં છાર. ॥૨૬॥
ક્રોધ લોભ ન છંડીઉ, ન ધરિઉ ઉપસમરંગ;
પાંચઈ આશ્રવ સેવીયાં, મેં નિઈ હુઓ સુચંગ. ॥૨૭॥
કહિઈ સ્વાંમી કેતી ભણઉં, તુઝ આગલિ હું વાચ;
જઉ કડૂરઉ આપણઉ, તે કિમ થાઈ સાચ. ॥૨૮॥
હિવ સ્વાંમી તું મુઝ મલિઉ, ત્રિભુવનમાંહિ પ્રસીહ;
કરિવરગણ તસુ સિઉં કરઈ, જસુ વુલામણિ સીહ. ॥૨૯॥
ગરૂડતણી ખંધિઈ ચડી, અહિવિષ કસિઉં કરેઈ;
તિમ સ્વાંમી તુંમ નિવસિ, પાપ પીયાણાં લેઈ. ॥૩૦॥
વીનતડી તુઝ આગલિઈ, સમરથ જાંણિ આજ;
જઉ વાહર તું નવિ કરિ, તુસહી પાંચઉ રાજ. ॥૩૧॥
બત્રીસે દૂહે કરી, સ્તવીઉ પાસજિણંદ;
**શ્રીવિદ્યાપ્રભસૂરિ** ઈમ ભણઈ, તુમ્હ તુઠઈ આણંદ. ॥૩૨॥

આ આતમભાવનાબત્રીશીની કૃતિ પાટણ (ગૂજરાત) નિવાસી જિનગુણગાયક (ભોજક) શ્રી ગિરધરભાઈ હેમચંદ પાસેનાં સં.૧૭૦૫ની સાલમાં લખાયેલ એક હસ્તલિખિત ગુટકામાંથી ઉતારવામાં આવી છે, એટલે આ રચના સં. ૧૭૦૫ પહેલાંની છે એ નિર્વિવાદ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### આદિદેવના તેર ભવમાંનો પહેલો ભવ

# ધન સાર્થવાહ

લેખકઃ–પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રી સિદ્ધિમુનિજી

[ ગતાંકથી ચાલુ ]

## [ ૨ ] પરમાર્થનાં બીજાધાન

૧“ દિગૂ દિગે વ્યાપ્ત સત્કીર્તિ;
પામ્યો ય વિષમી દશા !
અહો ! સ્વામી અમારો આ,
પાલતો નિજ સ્વીકૃત’
ઘોડાંલના કો’ ગાયકે
–ઉમદા દિલથી ગાયેલું હતું એ ગાન
રાત્રિના ચોથા પહોરના પ્રારંભમાં.
શ્રવણે પડ્યું એ સાર્થવાહને.
ઊતરી પડ્યો એ એથી
વિચારના ઊંડેરા જળપ્રવાહમાં.
મહાપુરુષો જીવે છે
પોતાની ક્ષતિઓની સતત શોધમાં.
બોધને શોધી લે છે તેઓ
પોતાને અણબોધાયલા ય અક્ષરોમાંથી;
અને પોતાની જાતને શોધી લે છે.
વ્યંગ્ય માની લીધો એણે
એ ગાયકનો સાહજિક શ્લોક.
પૂછવા માંડ્યું એણે પોતાની જાતને
“અરે ! આ ઉપાલંભ તો નથીને
મારી કોઈ કર્તવ્ય–અધુરાશને ?
કહે છે કોઈ શું આ રીતે
મારી અન્ધારની આંખ ઉઘાડવાને ?
૨“અંગી કર્યું સુકૃતિઓ કદિ નાજ છંડે’
શું છોડ્યું તરછોડ્યું છે મેં
કોઈકે અંગીકૃતને
એની અત્યંત દુઃસ્થિતિમાં ?
અરે ! મારી સાથે આવેલા છે
મુનિગણસમેત ધર્મઘોષ આચાર્ય.
નથી લેતા તેઓ કરેલું કે કરાવેલું.
કંદમૂલાદિ સચિત્તને
તેઓ સ્પર્શતા ય નથી.
અરે ! મેં નિમંત્રણ આપ્યું તેમને
ભાદરવાનો ગર્જારવ કરીને.
કરવા કારવાનું કંઈ પણ નહિ જ.
કુટિલ મુસદ્દીઓની માફક
હું ખાલી પહોળો જ થયો.
મારા વચનની શી કિમ્મત ?
એમનું શું થતું હશે
હાલની સાર્થની દુઃસ્થિતિના સમયે ?
હા ! મારું કેવું વિસ્મરણ !
વચનના ઔચિત્યને ય ભૂલી ગયો.
અરે ! અત્યારસુધી હું મળ્યો જ નહિ.
આજે હું કઈ રીતે મળી શકું તેમને ?
ન દર્શાવી શકાય મ્હોં
સામાન્ય જનનેય બેવચનીથી.
પણ મારે જોવું જોઈએ
જગતને પાવન કરતું એ તીર્થ.
અપેક્ષા ન હોય, નિરીહોને કોની.
મારે મારાં પાપ પખાળવાં જોઈએ
એ નિરીહોના વ્હેતા નીરમાં.”
સિન્ધુની સ્પર્ધા કરવા લાગી
સાર્થવાહના અંતરની ઉત્સુકતા.

---

૧ प्रत्याशं विस्फुरत्कीर्तिः । प्राप्तोऽपि विषमां दशाम् । स्वामी नः पालयत्यात्म–प्रतिपन्नमसावहो । त्रिष० सर्ग १ श्लो० १०९

२ अङ्गीकृतं सुकृतिनो न परित्यजन्ति ’

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવશિષ્ટ એક પહોર રાત્રિના–
ક્ષણુ ક્ષણુનાં માપ મોટાં કરી નાખ્યાં
એની ઉત્સુકતાની તાલાવેલીએ.

× × ×

તૃણુ પર્ણું વંશાદિથી બનાવેલી
અગણિત ઉટજશાળાઓથી
અંતરાયો હતો વિશાલ ભૂમિભાગ.
એનું નામ ધનપુર સંભવે
ધન સાર્થવાહના નામે.
ઉચ્ચ ભૂમિપર બંધાયલા એ પુરમાં
અલગ પડતા કોઈ એક સ્થળે
મણિભદ્રથી આચાર્યને નિશ્રિત કરાયેલો
હતો ઉટજશાળા રૂપ ઉપાશ્રય.
ખાખરાના પાનથી છાયેલું
ઘાસની દિવાલોથી સર્જાયેલું
એ હતું ઉચ્ચ સ્થલભૂમિમાં રહેલું
નિર્જીવ ને પ્રાસુક ધર્મસ્થાન.
સર્વ રીતે હતી વસતિની શુદ્ધતા
સ્વાધ્યાય ને સંયમના માટે.
આબાદ તરવરતા ત્યાં
ત્યાગ ને સંયમના ભાવો.
રમી રહી હતી એમાં
સાધુજનોની અપ્રમત્તતા.
પસરી રહ્યો હતો અંદર
જ્ઞાનનો ઝળહળતો પ્રકાશ.
પુરાતાં હતાં એ પ્રકાશમાં
સતત પઠન પાઠનનાં–
અને સત્ તત્ત્વચિન્તનનાં પ્રવાહી તૈલ.
સંકોરાતી હતી સમયે અહીં
ધર્મકથા ને તત્ત્વવાદની અખંડ વાટ.
સક્રિય હતો ત્યાં સદાય
યથાયોગ્ય મહાવિનય.
પીવરાવાતાં હતાં ત્યાં સુવિનીતોને
ઉદ્દેશ–અનુજ્ઞાનાં અમૃતજળ.
તપોથી કર્મના મેલ બાળીને
સોટચી સુવર્ણું બનાવતા કેંક કાયાને.
આત્માકાશમાં ઊંચે ઊડતા કેંક
શુભ ધ્યાનની પાંખો પસરાવીને.
આતાપના લેતા કેંક
ઇન્દ્રિયોના અશ્વો દમવાને.
સંચય કરતા હતા અજેય બળે,
મન વચન કાયાને કાબુમાં રાખી
સમિતિઓના સમારાધક
કેંક મહાનુભાવ મુનિરાજો.
ભરપૂર શાન્તિ ને સમતા
સતત રેલાતી હતી એ શાન્ત શાળામાં.
ઝરતાં હતાં એ એકાંતમાં
સર્વેની આંખમાંથી શમામૃત.
વાતા હતા ત્યાં મન્દ મધુર
ત્યાગ વૈરાગ્યના સુખદાયી વાયરા.
આ સ્થળના આવા ઉમદા વાતાવરણુના
પ્રેરક ને પોષક હતા
આચાર્ય શ્રી ધર્મઘોષ.

× × ×

વણુ–સ્થાપ્યું સ્થપાયું હતું
ધર્મઘોષાચાર્યનું પ્રતાપી વર્ચસ્વ
શ્રમણોના ને જૈન સંઘના અંતરમાં.
ગોચરણુશીલ સાધુવૃષભોના બનેલા–
આખાય સુવિહિત ગચ્છના હતા તેઓ
મધ્યસ્થ ને મર્યાદારક્ષક મેઢીસમા.
ભવખાઈમાં ધકેલાઈ જતાને
મજબુત આલંબન રૂપ
હાથનો ટેકો હતા
નિઃસ્વાર્થશિરોમણિ તેઓ.
હતા મુખ્ય મહાઆધારસ્તંભ
મુનિગણુના પુણ્યપ્રાસાદમાં તેઓ.
પોતાની આંખ સમર્પી
ભૂલેલાઓને દોરતા તેઓ
મીઠા ને મોટા વાત્સલ્યમયી મનથી.
ભવદરિયામાં ડૂબતાને
પાર ઉતારતા એ પરમ તારુ
પોતાના નિચ્છિદ્ર નાવ પડખામાં લઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવશીળું શિતગૃહ હતા તેઓ
ત્રિવિધ તાપથી તપેલા આત્માઓના માટે.
સુસુન્દર અંગાદિથી અલંકૃત
જીવતું આગમ હતા એ આચાર્ય..
સમન્વય સાધી સેવતાં તેમને
જગતનાં સર્વ દર્શનો ને વાદો.
ગળી ગયો હતો અહંકાર
તેમના ઝળહળતા જ્ઞાનજીવનમાં.
નહિ કરતા એ કોઈનો પરાભવ
સદા અપરાભવમાં જ જીવતા
સર્વ દ્વન્દ્વોથી રહિત એ સમભાવી.
સર્વથા રહિત હતા મરણાદિ ભયથી
મમતા વિરહિત એ મહાત્મા.
ન'તી તેમને આશા ને નિરાશા ય.
જીતી લીધી હતી એમણે
પોતાની અનાદિ અજિત જાતને.
ઊછળી રહ્યા હતા એમના અન્તરમાં
ક્ષમાના મહા મહા લોઢ.
સબળ ને સતત વહેતો ઉપયોગ
એ જ, એમના જીવનનો પ્રવાહ હતો.
પલ્લવતા ભવ્યોની શુષ્ક ભૂમિને
દેશનાની અમોઘ મેઘધારાઓથી
ગંભીર ગળાના એ પરમોપકારી.
પ્રભુના પગલે લઈ જતા એમને
પોતે ઊંડેરાં પગલાં પાડીને.
જગતને શિખવતા હતા નિસ્પૃહતા
શબ્દના કરતાં વિશેષ કર્તવ્યથી.
ગુણોત્કર્ષને દૃષ્ટિ સમીપ રાખતાં
સ્પર્ધા ન હતી એમને
પામર સૃષ્ટિની સાથે.

પરીક્ષા લેવાના કરતાં
પરીક્ષા આપવાની જ ભાવના હતી
આગમપ્રભુની પાસે એમને.
ધર્મનું રક્ષણ કરતા એઓ
પોતે પહેલાં પૂરેપૂરા ધર્મથી રક્ષાઈને.
ન'તી સેવા લેવાની ભાવના
શાસનસેવાના એ સિંહવત પાલનારાને.
નમાવવાની ભાવના ન હોતાં ય
નમી પડતી હતી તેમની આગળ
મનસ્વી માનની મહત્તા.
ગુરુ–આસનની ઉચ્ચતામાં
ન'તી તેમની ઉચ્ચતા;
ઉચ્ચતા હતી તેમના આત્મત્વમાં.
મન વચન કાયામાં રેડ્યું હતું એમણે
પોતાનું વાસ્તવિક આચાર્યત્વ.
મહિમા ગાયો છે એમનો
મહાકાવ્યમાં શ્રી હેમચન્દ્રસૂરિએઃ–
[1]'પાપાબ્ધિનો રવૈયો જે;
મુક્તિનો શુભ પંથ જે:
ધર્મનું જે સભાસ્થાન;
તેજનું જે ગૃહ રૂડું.
કષાય ગુલ્મમાં હિમ;
હાર કલ્યાણ લક્ષ્મીનો;
અજોડ સંઘની ભૂષા;
કલ્પવૃક્ષ શિવાર્થીનું.
[2]પિન્ડરૂપ તપસ્યાનો;
દેહધારી જ આગમ;
તીર્થંકર સમા એવા;
જોતો એ ધર્મઘોષને.'
પ્રશંસનીય પૂજનીય હતું આમ
એ ભાવાચાર્યનું જીવન
જગતના પૂજ્યોને ય.
એ પરમ પૂજ્યતાના પાદોને
પ્રાયશ્ચિતથી પખાળવા,
ને આદરભક્તિનાં પુષ્પો ચઢાવવા.

---

१ मन्थानमिव पापाब्धेः, पन्थानमिव निर्वृतेः ।
आस्थानमिव धर्मस्य, संस्थानमिव तेजसाम् ॥
कषायगुल्मनीहारं, हारं कल्याणसम्पदः ।
सङ्घस्याद्वैतमाकल्पं, कल्पद्रुः शिवकाङ्क्षिणाम् ॥
२ पिण्डीभूतं तप इव, मूर्तिमन्तमिवागमम् ।
तीर्थङ्करमिवाद्राक्षीद्, धर्मघोषमुनिं धनः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી રહ્યો છે હમણાં ધન સાર્થવાહ.
× × ×
ઉત્સુકતાનાં પગલાં ભરતો હતો
સાર્થના પ્રધાન પુરુષોની સહ
સહૃદય ધન સાર્થવાહ.
સજ્જ ને શોભિત હતો એ
સમયોચિત વેશ ને અલંકારથી.
જીવનમાં પ્રથમ જ અનુભવાયલી
વચનવિસ્મરણની નબળાઇપ્રેરક
ગ્લાનિ જાગેલી હતી એના અંતરમાં.
પણ એ છુપાયલી હતી
એના સ્વાભાવિક ધીર ચ્હેરામાં.
ભૂલ ખેદને સર્જે છે
ઉદારચરિત સજ્જન હૈયામાં,
પણ એ ખેદનાં ખેડાણ
સોનાના સૂરજ ઉગાડે છે.
પ્રારંભ થઇ ચૂક્યો છે
ભવિતવ્યતાના પરિપાકનો વર્ષાકાલ.
સુન્દર શોધન થઇ ચૂક્યું છે
એની સુન્દર અને રસાળ માનસ ભૂમિકાનું.
ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો
એની વિવેકવંતી નમ્રતાએ.
શિખવવો નથી પડતો શિષ્ટોને
શિષ્ટોનો આચાર શિષ્ટાચાર.
માર્ગાનુસારિણી મહાનુભાવતા
માર્ગવેત્તાઓને ચરણે નમી પડી,
ગુણોત્કર્ષના સાનુક્રમથી.
નથી જોઇતાં અત્યારે એને
આયુ-ધન-પુત્રાદિનાં આશિર્વચન.
એ બધાં અસ્થિર ને નજીવાં છે
એની હાલની જાગૃત નવ બુદ્ધિમાં.
એને જે જોઇએ એ જ મળ્યું
આત્મમળનો પ્રક્ષાલક 'ધર્મલાભ'.
હોય છે સ્થાયી ને આત્યંતિક
લોકોત્તર મહાપુરુષોનાં દાન.
એ દાનને હૈયામાં ઝીલતો
ઉજળા માનસનો સાર્થવાહ
આનંદથી ઝીલવા લાગ્યો
આચાર્યના અતિસૌમ્ય છાયાજળમાં.
× × ×
અનર્થો અને પાપોને ઉગાડનારી
અને પલ્લવિત તથા ફલિત કરનારી-
જગતની બૂરી ચીજોમાંની એક છે
અનાદિ કાળની આત્મનબળાઈ.
અને એ નબળાઈનો અસ્વીકાર,
એ એનો દુષ્ટ ને મહામાયાવી
સત્તાધીશ સ્વામી છે.
મનાય છે માનહાનિ એ સ્વીકારમાં.
અને માને છે માનવી માનહાનિને
સંસારની એક ભયંકર વસ્તુ.
સત્ય ને નમ્રતાના મહામૂલ્યને
અણસમજતો અણમૂલવતો એ
નથી મેળવવા દેતો એ મેળ
મનની સાથે વાણી ને કાયાનો.
સાર્થવાહને આ સત્ય સમજાયું હતું
આજેજ કે નહિ,
પણ તેના જીવનમાંથી જન્મથી.
સખેદ બોલવાની શરૂઆત કરી એણેઃ-
'પરમપૂજ્ય ભગવન્!'
પરમ માહાત્મ્યના આ સંબોધન સાથે જ,
આચાર્યના પ્રફુલ્લિત શાંત મ્હોંપરથી
નજરને નીચી ઢાળતાં,
સાર્થવાહે વાણીને શરમાવતાં કહ્યુંઃ-
'મારી સાથે પધારવાને ત્યારે
આપને વિનંતી કરતાં,
મેં ખાલી ખોટો આડંબર જ કર્યો!
ત્યારથી આજ સુધી ક્યારે ય
ન તો આપને નિહાળ્યા કે વાંદ્યા!
અન્નપાનાદિથી સત્કારે ક્યારે ન કર્યો!
અર્પેલા વચન પ્રતિ
અહો! મારી કેવી બેદરકારી!
કેવી અવજ્ઞા કરી મેં આપની!
જાણવા છતાં અજાણતું કરી દીધું
મેં મૂઢ લાહરિયાએ!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ, નહિ, હું ભૂલી જ ગયો આપને!
અરે! મેં શું કર્યું પ્રમાદીએ!
માફ કરો મારું આ પ્રમાદાચરણ
ક્ષાંતિથી સર્વ સહેનારા હે! ભગવન્!'
અહો! સહજ મહાન છે
ક્ષમાનો યાચક સાર્થવાહ.
[1]'અભ્યર્થના ન કરવી અસંતોની'
વિષમ અસિધારાવ્રત'નો ધારક છે એ.
એનાથી ય વિશેષ મહાન છે
પરમસન્ત ધર્મઘોષાચાર્ય.
ક્ષમાની અભ્યર્થના પહેલાં જ
એ ક્ષમાના વરસાવનારા છે
આખા જગતના જંતુઓ પર.
મહા મહા લાભ માનનારો છે એ
આવી પડતું ને ઉદીરાતું સર્વ સ્હેવામાં જ.
નથી મનાતો કોઈ યે ગુન્હેગાર
કર્મના સિદ્ધાંતવાદી એ આચાર્યને.
વાંસલાથી છેદે કે ચંદનથી ચર્ચે
બેઉ સમાન છે એના ઉદાર અન્તરમાં.
અવકાશ નથી એના જીવનમાં એને,
કોઈએ કહ્યું ન કહ્યું
કે કોઈએ કર્યું ન કર્યું—
એવી એવી તુચ્છ વાતો ચિન્તવવાને.
સદાય મસ્ત હોય છે આવાઓ
જ્ઞાનધ્યાનના અક્ષરો
સ્વપર હૈયે આલેખવામાં,
અને જગતના હિતના પ્રશ્નો
અતીવ ઊંડે ઉકેલવામાં.
એ વિનાની વ્યર્થ વાતોમાં
એમને કોઈની પડી નથી,
અને એઓ કોઈમાં પડતાં ય નથી.
પણ મીઠા અને અજબ હોય છે
પરોપકારી મહાપુરુષોનાં મન.
ધનના ઉરને ઓળખ્યું હતું
ઇંગિત આકારના ઓળખનાર આચાર્યે.
એના જીવનને જાણ્યું હતું
જીવવિશેષના એ વિજ્ઞાતાએ.
અવલોક્યો હતો એના આત્માને
આગમના એ પ્રબળ અનુભવીએ.
રહ્યો છે સાર્થવાહ અત્યારે
વસન્તપુરના માર્ગની મધ્યાટવીમાં.
પાર ઊતરવાનો કેટલો ય પંથ
હજી અવશિષ્ટ રહ્યો છે આ અટવીનો.
પણ ભવની ભવાટવીના પંથમાં તો,
પાર ઊતરી જવાની તૈયારીમાં છે,
એ અન્તરના અવદાતમાં
સર્વથા વિદિત છે શ્રી ધર્મઘોષને.
કિમ્મત કરી લીધી છે એમણે
અત્યારે જન્મેલા સાર્થવાહના ખેદની,
અને એ ખેદથી ભેદાયલી વાણીની.
આત્મસુવર્ણને શોધી નંખાયા બાદ
વધારે પડતા એ ખેદના તાપને શમાવવા
રેડાયાં ઉદાર આશ્વાસન આચાર્યથી:—
'રે! મહાનુભાવ! શ્રેષ્ઠીવર્ય!
તમે શું શું સત્કાર નથી કર્યો?
રક્ષણ કર્યું છે તમે
અમારા સંયમી જીવનનું
ચૌરાદિથી ને ક્રૂર પશુઓથી.
આહારાદિ પ્રતિલાભે છે
તમારા આર્થિકો જ અમોને.
અમારું જીવનકૃત્ય સીદાયું નથી
અને સીદાતું ય નથી, શેઠજી!
મહાનુભાવ મહાત્મન્!
ન કરો જરાય ખાલી ખેદને.'
હતાં એ આચાર્યનાં વચન
આચાર્યવચનના જ જેવાં.
એ સાન્ત્વનના સુધાજળથી
વિકસી ઊઠ્યું સાર્થવાહનું વદનપોયણું.
અર્ધ નમેલો એ એકવાર ફરીને
નમી પડ્યો આચાર્યના પાદપદ્મોમાં.

1 असन्तो नाभ्यर्थ्याः... .............
सतां केनोद्दिष्टं विषममसिधाराव्रतमिदम् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્તુતિના ફુવારા ફૂટયા
અતીવ આદરભર્યાં તેના હૈયામાંથીઃ
"અહો! આપની મહત્તા!
કોણ માપી શકે એને માનવી?
મારો બુદ્ધિનો ગજ
એ માપવા માટે સાવ નકામો છે.
દોષિતોને ય નિર્દોષ જોનારા–
સર્વત્ર ગુણાંશને જ શોધનારા
આપ શા શ્રીમાનને
કયાંથી ઓળખી શકીએ,
બુદ્ધિની ભુલભુલવણીમાં પડેલા
અને સમ્યગ્ સારને ન સમજતા–
એવા અમે અલ્પજ્ઞ સંસારીઓ.
આપ જેવાની જોડ
શોધી ન શકાય સૃષ્ટિમાં
અમારા જેવા મોંનભર્યાં માનવીઓથી.
[1]'મન વચન કાયામાં પુણ્યામૃતથી ભરેલા,
ઉપકારોની પરંપરાથી ત્રણલોકને પ્રીણનારા,
અને પારકાના પરમાણુ સરખા ગુણોને
નિત્ય પર્વત સરિખડા બનાવીને
પોતાના હૈયામાં પ્રફુલ્લ થતા–
એવા સન્તો કેટલાક જ હોય છે'
આપના સરિખા મહાનુભાવ,
આ અનુદારપ્રાય માનવસૃષ્ટિમાં.
હું નિષ્ફળ ગયો છું
આપની સેવાનો લાભ ઉઠાવવામાં.
અતિ મોડું મોડું ય
મને નહિ મળે શું
માનવજીવનનું એ મોંઘું લ્હાણુ?
વરસાવો આપની અમૃતકૃપા
મારા નિષ્ફળ જીવનની ભૂમિ પર.
અમૃત બનાવો અમારાં ઝેરી ભોજન
કોઈ એક ધન્યવાર તો
એમાંના યોગ્ય અંશને સ્વીકારી.
પરખાવો અમારાં પુણ્યોને
પંચાંગ શુદ્ધિથી સમર્પેલાં એ સમર્પણ.
આપો સમયના પ્રેરક પૂજ્ય!
અમારા કાળજૂના કમનસીબને
અત્યારે આવી અમૂલ્ય તક.
સંયમનિર્વાહને ઉપકારી બનાવી,
આપના અગણિત ઉપકારના ભારે
ભારે બનાવો અમને.
ઓછા થશે બધા ય ભારો
અમારા સંસારના એથી.
'દેવામાં મળતર ને લેવામાં વળતર.'
ન સમજાય એવી છે
આ દુનિયાની સઘળી ય નીતિ."
સ્વીકારી શ્રેષ્ઠીની આ ભાવના
નહિ સ્વીકાર્યાં જેવા 'વર્તમાન યોગ'થી.
મોકલ્યું મુનિરાજનું યુગલ
આહારાદિ વ્હોરવા માટે,
સાર્થવાહની વિદાય પાછળ જ.

× × ×

વિશેષ ઉજળો બન્યો હતો
સાર્થવાહનો ધોળાયેલો આવાસ,
મુનિઓનાં પાવન પગલાંની પવિત્રતાથી
અને તેથી વ્યાપેલા હર્ષાતિરેકથી.
પણ ક્ષણવારમાં જ ઝંખવાયો એ,
મુનિઓને યોગ્ય આહારના અભાવે
સાર્થવાહના મ્હોના ઝંખવાતાં.
દૈવયોગે બનેલા આ બનાવથી
એવું કંઈ શોધી રહ્યો હતો
વ્યાકુલ થયેલો ધન સાર્થવાહ.
ઓચિંતી નજર પડી તેની
તેના આશય જેવા ઉજળા
થીજેલા ઘીના પર.
'ખપશે આ' એવું બોલતા સાર્થવાહે
આ ઘીનું દાન કર્યું

१ मनसि वचसि काये पुण्यपीयूषपूर्णा–
स्त्रिभुवनमुपकारश्रेणिभिः प्रीणयन्तः ।।
परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यं,
निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ।।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને ઇચ્છતા મુનિઓના પાત્રમાં.
ધન સાર્થવાહનું સઘળું ય ધન
ન્યાયથી ઉપાર્જેલું હતું.
તે બુદ્ધિશાળી હતો,
અને બુદ્ધિપૂર્વક દેનારો હતો.
હતો એ સર્વથા
બદલાની આશા વગરનો
અને આપીને અનુમોદનારો.
દાનના ગ્રાહક હતા
સુપાત્રશિરોમણિ સાધુઓ.
હતું એ ઘીનું દેય
નિર્દોષ અને યતિજન-ગ્રાહ્ય.
દેવાયું હતું એ
ઉચિત દેશ કાલમાં.
ભરપૂર વ્યાપ્યાં હતાં
ભાવનાં રોમાંચ શેઠના શરીરે.
હર્ષનાં આંસુની સાથે
વંદન કર્યું મુનિરાજોને એણે.
મહાકલ્યાણકારી ધર્મલાભને દેતા,
અને ધનના હૈયામાં
પરમાર્થનાં બોધિબીજાધાને
મહાનિમિત્ત બનતા
ધર્મના મહાખેડૂત એ મુનિવરો
સંયમયતનાને પંથે પળ્યા.
ધનના ઉરની તંત્રીમાંથી—
જાગેલા અને પસરેલા સૂરો
હજુ ય એ વિશાલ વાતાવરણમાં
ગુંજારવ કરી રહ્યા હતા:-

આજ આવ્યા ગુરુજી અમ ઘેર,
અમૃતમેહ વુઠયા;
આજ પુણ્યે પ્રભુની થઈ મ્હેર,
અમૃતમેહ વુઠયા;
આજ તાપો શમ્યા અમ દેહ,
અમૃતમેહ વુઠયા;
આજ ખીલ્યાં અમારાં ગેહ,
અમૃતમેહ વુઠયા;
આજ ઊગ્યો દિલાવર દિન,
અમૃતમેહ વુઠયા;
આજ થાશે ખેડાણ મામકીન,
અમૃતમેહ વુઠયા;
આજ મળ્યાં કારણ પંચ પુણ્ય,
અમૃતમેહ વુઠયા;
આજ થાશે વાવેતર ધન્ય,
અમૃતમેહ વુઠયા;
આજ વાયે શિતલ સુખ લ્હેર,
અમૃતમેહ વુઠયા;
આજ ભાવ ફળ્યો રસભેર,
અમૃતમેહ વુઠયા;
આજ જન્મ સફળ મુજ મર્ત્ય,
અમૃતમેહ વુઠયા;
આજ મારું જીવન કૃતકૃત્ય,
અમૃતમેહ વુઠયા;

(ચાલુ)

## જૂના અંકો જોઇએ છે

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ના નીચે જણાવ્યા મુજબના જૂના અંકો જોઇએ છે. જેઓએ અંકોમાંથી બની શકે તેટલા અંકો મોકલશે તેમને એ અંકોના બદલામાં યોગ્ય વળતર આપવામાં આવશે.

| | |
|---|---|
| વર્ષ પહેલું—અંક ૨, ૩, ૭, ૮ | વર્ષ સાતમું—અંક ૫-૬-૧૦ |
| વર્ષ બીજું—અંક ૨. | વર્ષ આઠમું—અંક ૧ |
| વર્ષ છઠ્ઠું અંક ૧૧. | વર્ષ નવમું—અંક ૧-૨-૮ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિકથા : પ્રકારો ને ઉપપ્રકારો

( લે. પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડીયા, એમ. એ. )

**કથા** એ **સાહિત્યનું** એક અંગ છે, અને એ આપણા દેશમાં અનેક રીતે ફાલ્યું ફૂલ્યું છે. એથી તો આપણે ત્યાં કથાના વિવિધ પ્રકારો જોવાય છે. જેમકે અદ્ભુત કથા, આખ્યાન, આખ્યાયિકા, આડકથા, આત્મકથા, ઉપકથા, ઉપાખ્યાન, કલ્પિત કથા, ખંડ-કથા, ચંપૂ, જીવનકથા, દંતકથા, નિદર્શન, પરિકથા, પરીકથા, પૌરાણિક કથા, પ્રબન્ધ, પ્રવલ્હિકા, બૃહત્કથા, રૂપકકથા, વિકથા અને સકલકથા. આ પૈકી કેટલાકનું સ્વરૂપ કલિકાલ-સર્વજ્ઞ **હેમચન્દ્રસૂરિએ કાવ્યાનુશાસનમાં** દર્શાવ્યું છે ઉપર જણાવાયેલા પ્રકારો અંગ્રેજી કથાસાહિત્યમાં નીચે મુજબનાં અંગોને ઓછે વત્તે અંશે સ્પર્શે છેઃ—

Allegory[૧], anecdote, apologue[૨], detective-story ' fable[૩], fairy-tale, legend, narration, novel[૪], nursery-tale, parable[૫], romance[૬], story, sub-story, અને tale.

ભારતીય કથાસાહિત્યની વિશાળતા આશ્ચર્યજનક છે અને એમાં જૈન ગ્રંથકારોનો ફાળો જેવો તેવો નથી. ચાર અનુયોગો પૈકી એકનું નામ કથાનુયોગ છે. એ દ્વારા જાત-જાતની કથાઓ, ઉપકથાઓ અને આડકથાઓ આલેખાઈ છે. કથાના અર્થકથા, કામકથા, ધર્મકથા અને સંકીર્ણ કથા એમ ચાર પ્રકારો અને એ ચારેનાં લક્ષણો આપવા ઉપરાંત કથાવસ્તુના ત્રણ પ્રકારો **હરિભદ્રસૂરિવરે સમરાઇચ્ચચરિય** (ભવ ૧)ના પ્રારંભમાં દર્શાવ્યા છે. **ઉદ્દ્યોતનસૂરિએ કુવલયમાલામાં** અને **સિદ્ધર્ષિએ ઉપમિતિભવપ્રપંચા-કથામાં** આ દિશામાં પ્રકાશ પાડ્યો છે. વિશેષમાં ઠાણ નામના ત્રીજા અંગ (ઠા. ૪, ઉ. ૨, પત્ર ૨૧૦ અ)માં ધર્મકથાના ચાર પ્રકારો અને એ દરેકના ચાર ઉપપ્રકારો દર્શાવાયા છે. આ હકીકત **દશવેયાલિયનિજ્જુત્તિ** (ગા. ૧૯૩-૨૫૦)માં પણ છે. આ લઘુ લેખમાં કથાના તમામ પ્રકારોનો વિચાર ન કરતાં સાધુપુરુષે જે કથાઓ ન કહેવી જોઈએ તે વિષે ટૂંકમાં ઉલ્લેખ કરું છું. આ કથાઓને સંસ્કૃત ભાષામાં विकथा અને પાઇયમાં विकहा તેમજ विगहा કહે છે. विकहा શબ્દ ઠાણ (૪, ૨; સુ. ૨૮૨)માં, **સમવાય** (પત્ર ૪૯ )માં તેમજ **દશવેયાલિયનિજ્જુત્તિ** (ગા. ૨૦૭)માં વપરાયો છે, જ્યારે विगहा શબ્દ **વિયાહપણ્ણત્તિ**, ગચ્છાચાર (૧, ૧૧), **ઉવએસમાલા**, **સુપાસનાહચરિય** (પૃ. ૨૫૨) અને **સુરસુંદરીચરિય** (૧૪, ૮૮)માં વપરાયો છે. દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર સંસ્થા (સુરત) તરફથી જે પૂર્વાચાર્યકૃત **શ્રમણપ્રતિક્રમણસૂત્રવૃત્તિ** ઈ. સ. ૧૯૧૧માં પ્રસિદ્ધ થયેલી છે તેમાં વિકથાનો અર્થ, એના ચાર પ્રકારો અને એ પ્રત્યેક પ્રકારના ચાર ઉપપ્રકારો સંસ્કૃતમાં અપાયેલા છે. એના આધારે હું આ સંબંધમાં નીચે મુજબ નિર્દેશ કરું છુંઃ—

(સંયમને બાધક હોવાથી) વિરુદ્ધ અથવા નાશ પામેલી કથા તે 'વિકથા'. વિકથાના

---

૧-૬. આ શબ્દની સમજુતી જ્યોર્જ લોને (Loane) કૃત "A short Hand-book of Literary Terms"માં અપાયેલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) સ્ત્રીકથા, (૨) ભક્તકથા, (૩) દેશકથા, (૪) રાજકથા એમ ચાર પ્રકારો છે. સ્ત્રીકથા એટલે સ્ત્રી સંબંધી કથા. એવી રીતે ભક્તકથા એટલે આહાર સંબંધી કથા.[૭] દેશકથા અને રાજકથા એ અનુક્રમે દેશ અને રાજા સાથે સંબંધ ધરાવે છે.

સ્ત્રીકથાના ચાર ભેદો છેઃ (૧) જાતિકથા, (૨) કુલકથા, (૩) રૂપકથા અને (૪) નેપથ્યકથા. જાતિકથામાં બ્રાહ્મણી કે એવી કોઈ જાતિની પ્રશંસા કે નિન્દા હોય છે. એવી રીતે કુલકથા વગેરે માટે સમજી લેવું. નેપથ્યનો અર્થ વસ્ત્રાદિકની રચના, વેષની સજાવટ એ છે.

ભક્તકથાના પણ ચાર ભેદો છેઃ (૧) દ્રવ્યકથા, (૨) વ્યંજનભેદકથા, (૩) આરંભકથા અને (૪) મૂલ્યપાકરસવતી કથા. દ્રવ્યકથામાં ઘી વગેરે દ્રવ્યની વાત હોય છે; વ્યંજનભેદકથામાં જાતજાતના વ્યંજનોનો-ચટણી મસાલાનો ઉલ્લેખ કરવામાં આવે છે; આરંભકથામાં બકરા, તેતર વગેરેના આરંભની વાત આવે છે; અને મૂલ્યપાકરસવતીકથામાં કઈ વાની કેટલા મૂલ્યની છે એનો નિર્દેશ હોય છે.

દેશકથાના પણ ચાર ભેદો છે; એ છંદ, વિધિ, વિકલ્પ અને નેપથ્ય સાથે અનુક્રમે સંબંધ ધરાવે છે. છંદનો અર્થ 'રિવાજ' છે. જેમકે કોઈક દેશમાં મામાની પુત્રી સાથે લગ્ન થઇ શકે[૮] અને કોઇક દેશમાં ન થઈ શકે. આમ જેમાં રિવાજોની વાત આવતી હોય તે 'છંદઃકથા' છે. ભોજન, લગ્ન વગેરેની વિધિના ક્રમ સંબંધી વાતો જેમાં આવતી હોય તે દેશકથાનો બીજો ભેદ છે.

કૂવા, વપ્ર (?વાવ) સારણી વગેરે દ્વારા ધાન્ય ઉત્પન્ન કરવું એ કે ઘર દહેરાસર એ 'વિકલ્પ' કહેવાય છે.

નેપથ્યનો અર્થ ઉપર દર્શાવાયો તે જ અહીં સમજવાનો છે. એ વેષની સજાવટ પુરુષ તેમજ સ્ત્રીઓને અંગે છે. આ સજાવટ સ્વાભાવિક તેમજ કૃત્રિમ એમ બંને પ્રકારની છે.

રાજકથાના પણ ચાર ભેદો છે, અને એ અનુક્રમે નિર્ગમ, અતિગમન, બળ અને કોશ સંબંધી છે. તેમાં 'નિર્ગમ' એટલે આ પ્રકારના વૈભવપૂર્વક રાજા શહેરમાં નીકળ્યો તે. એવી રીતે 'અતિગમન' એટલે આ પ્રમાણેનો રાજાનો પ્રવેશ 'બળ' એટલે રાજા પાસે આટલા ઘોડા છે, આટલા હાથી છે ઇત્યાદિ વિગત. 'કોશ' એટલે આટલા કરોડ કોઠાર છે એ હકીકત.

હવે આપણે કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિએ રચેલા યોગશાસ્ત્ર (પ્રકાશ ૩, શ્લો. ૭૯) નો વિચાર કરીશું તો જણાશે કે ભક્તકથા, સ્ત્રીકથા, દેશકથા અને રાજકથા એમ

---

૭. 'ભક્ત' માટે પાઇયમાં મત્ત અને ગુજરાતીમાં 'ભાત' શબ્દ છે. સુખસાતા પૂછવામાં 'ભાત' શબ્દ આજે પણ વપરાય છે. વિશેષમાં કાઠિયાવાડમાં 'ગરમ રોટલો, દૂધ, ઘી, વગેરેનું સવારનું ભોજન એ અર્થમાં 'ભાત' શબ્દ વપરાય છે. આ ઉપરાંત રાંધેલા ચોખા, ડાંગર, છાપ અને પ્રકાર એમ પણ એના અર્થો છે, પણ એ બધા અહીં પ્રસ્તુત નથી.

૮. અભયદેવસૂરિ ઠાણની ટીકામાં કહે છે કે લાટ દેશમાં થઇ શકે વિશેષ માટે જુઓ. History of Dharmasastra ( II, 459 ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચારને એમાં સ્પષ્ટ ઉલ્લેખ છે. વિશેષમાં એની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પત્ર ૧૭૪ અ)માં આ ચારેનું સ્વરૂપ નીચે મુજબ દર્શાવાયું છે.

ભક્તકથા—આ માંસની વાની, અડદના લાડુ વગેરે સુંદર આહાર છે, આ સારી રીતે ખાય છે અને હું પણ આ ખાઉં. એ આ કથાનું સ્વરૂપ છે.

સ્ત્રીકથા—સ્ત્રીઓના નેપથ્ય, અંગહાર, હાવ, ભાવ, ઇત્યાદિનું વર્ણન એમાં આવે છે. જેમકે કર્ણાટકની સ્ત્રી ક્રીડાના પ્રકારોમાં ચતુર હોય છે અને લાટની સ્ત્રીઓ પંડિતોને પ્રિય હોય છે. આ વાત પદ્યમાં એક ચરણરૂપે દર્શાવાયેલી છે.

દેશકથા—દક્ષિણાપથ એટલે કે દક્ષિણદેશમાં અન્નપાણી પુષ્કળ છે અને ત્યાં સ્ત્રી-સંભોગ વિશેષ પ્રમાણમાં છે. પૂર્વ દેશમાં વિચિત્ર વસ્ત્ર, ગોળ, ખાંડ, શાલિ, દારુ વગેરેની પ્રચુરતા છે. ઉત્તરાપથ એટલે કે ઉત્તર દેશમાં પુરુષો શૂરવીર છે, ઘોડાઓ વેગવાળા છે, ઘઉં એ મુખ્ય ધાન્ય છે, કેસર સુલભ છે, અને દરાખ, દાડમ, કોઠ, વગેરે મધુર છે. પશ્ચિમ દેશમાં સુખદ સ્પર્શવાળાં વસ્ત્રો છે, શેરડીઓ સુલભ છે, જળ શીતળ છે ઇત્યાદિ.

રાજકથા—અમારો રાજા શૂરવીર છે, ચૌડ ધનવાન છે, ગૌડ ગજપતિ છે, અને તુરુષ્ક અર્થાત્ તુર્ક અશ્વપતિ છે.

આ પ્રમાણે પ્રતિકૂળ પણ ભક્ત વગેરેની કથા કહેવાય.

ઉપર્યુક્ત વ્યાખ્યામાં ૧૭૪ અ પત્રમાં નીચે મુજબનું અવતરણ છે:—

"मज्जं विसयकसाया निद्दा विगहा य पञ्चमी भणिया।
एए पञ्च पमाया जीवं पाडेन्ति संसारे ॥"

આમાં 'વિગહા'નો પાંચ પ્રકારના પ્રમાદ પૈકી એક તરીકે ઉલ્લેખ છે. વાચકવર્ય **ઉમાસ્વાતિ**એ રચેલા **તત્ત્વાર્થાધિગમસૂત્ર** (અ. ૭, સૂ. ૮)ના 'ગંધહસ્તી' **સિદ્ધસેન** ગણિકૃત ભાષ્યાનુસારિણી ટીકા (પૃ. ૬૩)માં નિમ્નલિખિત પંક્તિમાં 'વિકથા'નો ઉલ્લેખ છે.

"प्रमाद्यतीति प्रमत्तः कषायविकथेन्द्रियनिद्राऽऽसवैर्निमित्तभूतैः"

વિશેષમાં આ ટીકા (પૃ. ૬૩)માં વિકથાના સ્ત્રીકથા, ભક્તકથા, જનપદકથા (દેશકથા) અને રાજકથા એમ ચાર પ્રકારો સૂચવાયા છે.

**ઉત્તરજ્ઝયણ** (અ. ૧૬)માં બ્રહ્મચર્યની રક્ષા માટે સ્ત્રીકથાનો નિષેધ કરાયો છે. આ હકીકત **ધર્મબિન્દુ** (અ. ૫. સૂ. ૪૧)માં સૂચવાએલી છે. એની ટીકા (પત્ર ૬૮ અ)માં **મુનિચન્દ્રસૂરિ** સ્ત્રીકથાના ઉપર્યુક્ત ચાર પ્રકારો સૂચવે છે અને એ સંબંધમાં એકેક પદ્ય રજૂ કરે છે. એ પદ્યો એના અર્થ સહિત હું અહીં આપું છું:—

"धिग् ब्राह्मणीर्धवाभावे या जीवन्ति मृता इव ।
धन्या शूद्री जनैर्मान्या पतिलक्षेऽप्यनिन्दिता ॥
अहो चौलुक्यपुत्रीणां साहसं जगतोऽधिकम् ।
विशन्त्यग्नौ मृते पत्यौ याः प्रेमरहिता अपि ॥

अहो अन्ध्रपुरन्ध्रीणां रूपं जगति वर्ण्यते ।
यत्र यूनां दृशो लग्ना न मन्यन्ते परिश्रमम् ॥

धिग् नारीरौदिच्या बहुवस्त्राच्छादिताङ्गलतिकत्वात् ।
तद्यौवनं न यूनां चक्षुर्मोदाय भवति सदा ॥"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—બ્રાહ્મણીઓને ધિક્કાર છે કે જેઓ પતિનો અભાવ (મૃત્યુ) થયા પછી મરેલા જેવી જીવે છે. શૂદ્રની સ્ત્રીને ધન્ય છે કે જે લાખ પતિએ પણ લોકમાન્ય અને અનિન્દિત છે.

અહો ! ચૌલુક્ય (વંશની) પુત્રીઓનું સાહસ જગતથી અધિક છે કે જેઓ પ્રેમરહિત હોવા છતાં પતિનું મરણ થતાં અગ્નિમાં પ્રવેશ કરે છે.

અહો ! અન્ધ્ર (દેશની) સ્ત્રીઓનું રૂપ જગતમાં વખણાય છે કે જે (રૂપ)માં યુવકોની દૃષ્ટિ આસક્ત બનતાં પરિશ્રમને ગણુતી નથી.

ઉત્તરની સ્ત્રીઓને ધિક્કાર છે કે જેની કાયાલતા બહુ વસ્ત્રોથી ઢંકાયેલી છે. એનું યૌવન યુવકોનાં નેત્રને સદા આનંદ માટે થતું નથી.

ઠાણ (ઠા. ૪, ઉ. ૨, સુ. ૨૮૨)માં સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા અને રાજકથા એમ વિકથાના ચાર પ્રકારો દર્શાવી એ પ્રત્યેકના ચાર ચાર ઉપપ્રકારો દર્શાવાયા છે. જેમકે સ્ત્રીકથાના જાતિકથા, કુલકથા, રૂપકથા અને નેપથ્યકથા; ભક્તકથાના આવાપકથા, નિર્વાપ-કથા, આરંભકથા અને નિષ્ઠાનકથા; દેશકથાના દેશવિધિકથા, દેશવિકલ્પકથા, દેશછંદઃ-કથા અને દેશનેપથ્યકથા; રાજકથાના રાજા સંબંધી અતિયાનકથા, નિર્યાણકથા, બલવાહનકથા અને કોશકોષ્ઠાગારકથા. આની ટીકામાં **અભયદેવસૂરિએ** આ પ્રત્યેકનું સ્વરૂપ સમજાવ્યું છે તે ઉપર્યુક્ત નિરૂપણ સાથે બહુધા મળે છે. આ સૂરિએ અવતરણ તરીકે ચાર સંસ્કૃત પદ્યો આપ્યાં છે. જેમ કે **धिग्०, अहो०, चन्द्र०** અને **धिग्०** આ પૈકી ત્રણ **મુનિચન્દ્રસૂરિએ** પણ આપ્યાં છે. **चन्द्र** વાળું પદ્ય નીચે મુજબ છે:—

> **"चन्द्रवक्त्रा सरोजाक्षी सद्गीः पीनघनस्तनी ।**
> **किं लाटी नो मता साऽस्य देवानामपि दुर्लभा ॥**

અર્થાત્ ચન્દ્રના જેવા વદનવાળી, કમળનાં જેવાં નયનવાળી, શુભ વાણીવાળી તેમજ પુષ્ટ અને ઘન સ્તનવાળી એવી લાટ દેશની સ્ત્રી કે જે દેવોને પણ દુર્લભ છે તે શું આને માન્ય નથી ?

ભક્તકથાના આવાપકથા વગેરે ચાર ઉપપ્રકારો માટે **અભયદેવસૂરિએ** નીચે મુજબનું અવતરણ આપ્યું છે:—

> **"सागघयादावादो पक्कापक्को य होइ निव्वावो ।**
> **आरंभ तित्तिराई णिट्ठाणं जा सयसहस्सं ॥"**

આના સ્પષ્ટીકરણરૂપે તેઓ કહે છે કે અમુક રસોઈમાં શાક, ઘી વગેરે આટલાં જોઈએ એમ કહેવું તે 'આવાપકથા' છે; પકવ અને અપકવ અન્નના આટલા પ્રકારો છે અથવા વ્યં-જનના આ આ પ્રકારો છે એમ કહેવું ને 'આરંભકથા' છે; અને આટલા પૈસા લાગશે એમ કહેવું તે 'નિષ્ઠાનકથા' છે. દેશવિધિકથા સમજાવતાં એમણે એમ કહ્યું છે કે મગધ વગેરે દેશમાંની ભોજન, મણિ, ભૂમિકા વગેરેની રચના કહેવી તે 'દેશવિધિકથા' છે; અથવા કયા દેશમાં શું પહેલું ખવાય છે તે કહેવું તે આ કથા છે. 'વિકલ્પ' એટલે ધાન્યની નિષ્પત્તિ અથવા વિશિષ્ટ જાતનાં કોટ, કૂવા, દેવકુલ, ઘર વગેરે એમ એમણે કહ્યું છે. એમણે એમ પણ કહ્યું છે કે અતિયાન એટલે પ્રવેશ અને નિર્યાણ એટલે નિર્ગમ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજકથાના ચાર ઉપપ્રકારો સમજાવતાં ચાર પાઇય અવતરણો આ સૂરિએ આપ્યાં છે. એ નીચે મુજબ છે:—

"सियसिंधुरखंधगओ सियचमरो सेयछत्तछन्नणहो ।
जणणयणकिरणसेओ पसो पविसइ पुरे राया ॥
वज्जंताउज्जममंदबंदिसद्दं मिलंतसामंतं ।
संखुद्धसेन्नमुद्धुयचिंधं नयरा निवो नियइ ॥
हेसंतहयं गज्जंतमयगलं घणघणंतरहलक्खं ।
कस्सऽन्नस्स वि सेन्नं णिन्नासियसत्तुसिन्नं भो ॥
पुरिसपरंपरपत्तेण भरियविस्संभरेण कोसेणं ।
णिज्जियवेसमणेणं तेण समो को निवो अन्नो ? ॥"

અર્થાત્ શ્વેત હાથીના સ્કંધ ઉપર આરૂઢ થયેલો, શ્વેત ચામરો વડે અલંકૃત, જેના શ્વેત છત્રે આકાશને ઢાંકી દીધું છે એવો અને મનુષ્યનાં નેત્રનાં કિરણો વડે શ્વેત (બનેલો) એવો આ રાજા નગરમાં પેસે છે.

વાજિંત્ર વાગતાં હોય, ભાટોનો શબ્દ અમંદ હોય, સામંતો મળતા હોય, સેના ક્ષુબ્ધ બની હોય અને ચિહ્નો ઊંચાં કરાયાં હોય એવી પરિસ્થિતિમાં રાજા નગરની બહાર નીકળે છે.

જેમાં ઘોડાઓ હણહણે છે, હાથીઓ ગાજે છે અને લાખ રથો ધણધણે છે એવી તેમજ જેણે દુશ્મની સેનાનો નાશ કર્યો છે એવી સેના કયા બીજાની છે?

પુરુષોની પરંપરા દ્વારા મળેલ અને સંપૂર્ણ વિશ્વને ભરી દેનારા કોશ વડે કુબેરને જેણે પરાસ્ત કર્યો છે એના જેવો બીજો કયો રાજા છે?

અભયદેવસૂરિએ ચારે વિકથાના દોષો દર્શાવતું એકેક પાઇય પદ્ય અવતરણરૂપે આપ્યું છે, પણ તે હું છોડી દઉં છું.

ઠાણ (ઠા. ૭, ઉ. ૩, સુ. ૫૬૯)માં સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા, રાજકથા, મૃદુકારુણિની કથા, દર્શનભેદિની કથા અને ચારિત્રભેદિની કથા એમ વિકથાના સાત પ્રકારો દર્શાવાયા છે, જ્યારે દસવેયાલિયનિજ્જુત્તિ (ગા. ૨૦૭)માં સ્ત્રીકથા, ભક્તકથા, રાજકથા, ચૌરકથા, જનપદકથા તેમજ નટ, નર્તક, ૯જલ્લ અને મુષ્ટિક (મલ્લ) સંબંધી કથા એમ વિકથાના પ્રકારો બતાવાયા છે. અંતમાં આ નિજ્જુત્તિની નિમ્નલિખિત ગાથા નોંધી આ લેખ પૂર્ણ કરું છું:—

"एया चेव कहाओ पन्नवंगपरूवगं समासज्ज ।
अकहा कहा य विकहा हविज्ज पुरिसंतरं पप्प ॥ २-८ ॥"

અર્થાત્ જેમ સમ્યક્શ્રુત મિથ્યાત્વીઓને તો મિથ્યાશ્રુત રૂપે પરિણમે છે તેમ કથા, ૧૦અકથા અને વિકથાના વિવિધ પરિણામો સંભવે છે અને એનો આધાર શ્રોતાની મનોદશા ઉપર રહેલો છે.

આમ કથા, અકથા અને વિકથા વિષેનો સંક્ષેપ ઊહાપોહ અહીં પૂર્ણ કરાય છે.

ગોપીપુરા, સુરત, તા. ૧૯-૩-૪૫

૯. દોરડા પર ખેલ કરનારા નટ.

૧૦. મિથ્યાત્વમોહનીય કર્મના વિપાકને વેદનાર અજ્ઞાની જે કથા કરે તે 'અકથા' કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जैन–इतिहासमें कांगड़ा

लेखक:—डा. बनारसीदासजी जैन, लाहौर

( गतांकसे क्रमशः )

यह तो है जैन अवशेषोंका हाल जैसा कि वे आजकल मिल रहे हैं। यद्यपि इस समय कांगड़ा जिलेमें कोई जैन नहीं पाया जाता,[७] तथापि इन अवशेषोंसे भली प्रकार विदित होता है कि किसी समय कांगड़ा बड़ा महत्त्वशाली जैन केन्द्र होगा। कनिंघम साहिब लिखते हैं कि दिहलीके बादशाहोंकी ओरसे यहांके दीवान दिगम्बर जैन होते थे, परंतु अपने कथनकी पुष्टिमें उन्होंने कोई प्रमाण नहीं दिया[८]। शायद किसी फ़ारसी ग्रन्थके आधार पर ऐसा लिखा होगा।

होशियारपुरके ज़िलेमें जैजों नामक क़स्बेंमें जैनोंकी बड़ी ही प्राचीन बसती है। उनमें अबतक दंतकथा चलती है कि ६०० वर्ष पूर्व काहनचंद कटोचने कोट कांगड़ामें भगवान् ऋषभदेवकी प्रतिमा स्थापित की थी[९]।

इस बातका पता नहीं लग सका कि जैन लोग कांगड़ामें पहले पहल कब और क्यों आये। अनुमान तो यही है कि व्यापार या राजकार्यके निमित्त वे यहां आये होंगे। खरतर-गच्छकी एक पट्टावलीमें[१०] लिखा है कि सं० १२५१ में मुसलमानोंने अजमेरको अपने हस्तगत कर लिया। इससे दो महीने तक बड़ा संकट रहा। फिर सं० १२५३ में मुसलमानोंने श्रीपट्टन (अणहिलवाड पाटण? या दिहली?)को भी जीत लिया, लेकिन तो भी जैन लोग छोटे २ रजवाड़ोंके वहां आदर और रक्षा पाते थे। जैसे—बागड देशमें दरिद्रेरकके राना आसराज (सं० १२७१ में जीवित) के पास, और नगरकोटके राजा पृथ्वीचन्द्रके[११] पास, जिसके राजपंडितको इस पट्टावलीके प्रथम दो भागोंके रचयिता जिनपालने विवादमें हराया था। गुजरातमें जैनधर्म ज़ोरों पर रहा।

---

७. सन् १९३१की गणनाके अनुसार कांगड़ा ज़िलामें केवल ९४ स्त्रीपुरुष जैनी थे।

८. कनिंघमकी नोट नं० १में निर्दिष्ट रिपोर्ट, पृ० १६५।

९. *Hoshiarpur District Gazetteer*, 1904, *p.* 73.

१०. *Indian Historical Quarterly*, *Vol.* IX part 4, December 1935. pp. 779–81.

इस पट्टावलीके तीन भाग हैं। पहलेमें खरतर-आचार्यपट्टावली, दूसरेमें जिनचन्द्र, जिनपति और जिनेश्वरका वर्णन है। इसे जिनपतिके शिष्य जिनपालने लिखा था, अतः यह शुद्ध और विश्वसनीय है। तीसरा भाग सं. १३९३ तक जाता है। इसमें कुतुबुद्दीन खलजी और गयासुद्दीन तुग़लक़का समय सं. १३७५ और १३७९ दिया है जो ठीक है। इसकी प्रति बीकानेर-निवासी श्रीयुत अगरचंद नाहटाके पास है। इसपर नोट पं. दशरथ शर्माने लिखा है।

११. कनिंघम (पृ० १५२)ने पृथ्वीचन्द्रका समय सन् १३३० अनुमानित किया है। इसमें अशुद्धिकी संभावना है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कांगड़ेके अवशेषोंको ध्यानमें रखते हुए हम कह सकते हैं कि कांगड़ा जैनधर्मका एक महातीर्थ होगा, लेकिन इस बातका उल्लेख न तो किसी दिगम्बर तीर्थावली जैसे–प्राकृत निर्वाणभक्ति, संस्कृत निर्वाणभक्ति आदिमें, और नहीं विविधतीर्थकल्प आदि श्वेताम्बर ग्रन्थोंमें मिलता है। पं० नाथूरामप्रेमीके कथनानुसार "बहुतसे तीर्थ–स्थान एक समय बहुत प्रसिद्ध थे परन्तु इस समय उनका पता भी नहीं है कि वे कहां थे और क्या हुए। इसी तरह जहां कुछ भी न था, या एकाध मन्दिर ही था, वहां बहुतसे नये नये मन्दिर निर्माण हो गये हैं और पिछले सौ दो–सौ बरसोंमें तो, वे स्थान मन्दिरों और मूर्तियोंसे पाट दिये गये हैं। उनको प्राचीन तीर्थके रूपमें प्रसिद्ध करनेके भी प्रयत्न किये गये हैं। यह भी इतिहासकी एक महत्त्वकी सामग्री है।"[१२]

तीर्थों जैसी महत्ता होने पर भी कांगड़ेकी तीर्थरूपसे प्रसिद्धि नहीं। हर्षकी बात है कि मुनि जिनविजयजीकी अथक खोज और परिश्रमसे एक ऐसा ग्रन्थ हाथ लग गया है जिसमें कांगड़ेको महातीर्थ कहा है। यह ग्रन्थ है विज्ञप्तित्रिवेणि,[१३] जो वास्तवमें चातुर्मासिक वृत्तान्तकी एक रिपोर्ट है जिसे उसके लेखकने अपने गुरुमहाराजकी सेवामें भेजा था। इसको सं० १४८४में खरतरगच्छीय उपाध्याय जयसागरने अपने गुरु जिनभद्रसूरिके पास भेजनेको लिखा था।

विज्ञप्तित्रिवेणिमें प्रधान वर्णन कांगड़ेकी यात्राका है। एक आगन्तुकके मुंहसे कांगड़ा–तीर्थकी शोभा सुन कर उपाध्याय जयसागरके मनमें आया कि हम भी ऐसे भव्य तीर्थके दर्शन करें। जब **फ़रीदपुर**के[१४] श्रावकोंको, जहां उपाध्यायजी उस समय ठहरे हुए थे, उनके

१२. "जैन साहित्य और इतिहास"। बम्बई १९४२। पृ. १८५।

१३. विज्ञप्तित्रिवेणि एक विज्ञप्तिपत्र है। विज्ञप्तिपत्र ख़ास देखने और पढ़ने योग्य होते थे। इनके लिखनेमें बहुतसा द्रव्य और समय ख़र्च होता था। ये जन्मपत्रीके आकारके काग़ज़के लम्बे टुकड़े होते थे। कोई २ तो ६० फुट होता था। इनपर नगर, मन्दिर आदिके चित्र भी होते थे। सन् १९४२में डा० हीरानन्द शास्त्रीने विज्ञप्तिपत्रोंका एक संग्रह प्रकाशित किया है।

विज्ञप्तित्रिवेणि तीन वेणियोंमें विभक्त है। पहली वेणिमें तीर्थकरोंकी स्तुति, गुजरात देश और अणहिल्लपाटक (पाटण) नगरका वर्णन है। तदुपरान्त जिनभद्रसूरि और उनके शिष्यसमुदायका गुणगान किया है। फिर सिन्धुदेश और मलिकवाहन, फ़रीदपुर आदि नगरोंका उल्लेख है। दूसरी वेणिमें कांगड़ेकी यात्राका विशद वर्णन है। तीसरी वेणि सबसे छोटी है। इसमें यात्रासे वापिस आकर चौमासकी धर्मक्रियाओंका उल्लेख है।

१४. फ़रीदपुर शब्दसे विदित होता है कि इस स्थानका संबन्ध प्रसिद्ध मुस्लिम सन्त बाबा फ़रीदसे होगा। पाकपटन (ज़िला मिंटगुमरी) में बाबा फ़रीदका मक़बरा है और लोगोंमें दन्तकथा चली आती है कि बाबा साहिब यहीं रहते थे। पाकपटनका ही पुराना नाम फ़रीदपुर प्रतीत होता है यद्यपि फ़ारसी पुस्तकोंमें पाकपटनका नाम "अजोधन" मिलता है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



इस संकल्पका पता लगा, तो उन्होंने झट कांगड़ेका यात्रासंघ निकालनेकी आयोजना कर डाली। शुभ मुहूर्तमें यात्रा प्रारम्भ हुई। फ़रीदपुरसे चलकर संघने थोड़ी हो दूर **विपाशा** (ब्यास) नदीके किनारे पहला पड़ाव किया। दूसरे दिन नदीको पार कर संघने जालंधरकी ओर प्रस्थान किया। अब अविच्छिन्न प्रयाण करता हुआ और गांवोंको लांघता हुआ संघ **निश्चिन्दीपुर**के[१५] पासके मैदानमें सरोवरके किनारे आ पहुंचा। संघके आगमनकी सूचना पाकर गांवका स्वामी **सुरत्राण**[१६] (सुलतान) अपने दीवानको लेकर वहां आया। साधु मुनि-

---

यात्राका जो वर्णन विज्ञप्तित्रिवेणिमें दिया है उससे मालूम होता है कि फ़रीदपुर ब्यास नदीके निकट ही था, क्योंकि फ़रीदपुरसे चलकर संघने पहला पड़ाव ब्यासके किनारे पर किया। आजकल इस नामका कोई नगर या ग्राम ब्यासके किसी किनारे पर नहीं है। लेकिन जब हम निम्नलिखित बातों पर विचार करें तो हमको विश्वास हो जाता है कि पाकपटनका ही पुराना नाम फ़रीदपुर था

(१) ब्यास नदी अपना मार्ग बदलती रही है।

(२) पुराने समयमें सतलुज और ब्यास हरीके पत्तन पर न मिलकर स्वतन्त्र धाराओंमें बहते हुए मुलतान तक चले जाते थे।

(३) व्यासका पुराना मार्ग वर्तमान **धारा** (संयुक्त सतलुज और ब्यास) से काफी उत्तरको था।

(४) एच. जी. रैवर्टीने फ़ारसी पुस्तकोंके आधार पर सिद्ध किया है कि सौ डेढ़सौ बरस पहले तक सतलुज और ब्यास जुदा २ बहते थे। *Journal of Asiatic Society of Bengal* for 1892. Part I *p.* 179. "...upto 658 H. (1259 A. D.), the Biah had not left its old bed; and further more, it is certain that it still continued to flow in its old bed for more than one hundred and fifty years after the investment of *Uchchh* by the Mughals, upto the time of :invasion of India by Amir Timur, the Gurgan, in 801 H. (1397–98 A. D.) and moreover there are people still living, who remember the time when the Biah *first* deserted its ancient bed, and the Satluj finally left its last independent channel, now known to the people as the "Great Dandah," and the two united and formed the Hariari, Nili or Gharah as they now flow".

(५) कनिंघम साहिबने अपनी पांचवीं रिपोर्टमें पंजाबका नक़शा दिया है, उसमें अजोधन और देवपालपुर पुराने ब्यासके दक्षिणको दिखलाये हैं।

१५. निश्चिन्दीपुर – पाकपटन और दीपालपुरके बीच ब्यासके किनारे किसी स्थानका नाम होगा। आज इसका कुछ पता नहीं।

१६. सुरत्राण=अरबी 'सुलतान'। निश्चिन्दीपुरका मुसलमान शासक। उसका नाम नहीं बतलाया।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



राजोंके दर्शन करके वह बहुत प्रसन्न हुआ। वहांसे चलकर संघ **तलपाटक**[१७] पहुंचा। वहां [१८]**देवपालपुर** (दीपालपुर) के श्रावक संघसे मिलने आये। अब ब्यासके किनारे २ चलता हुआ संघ **मध्यदेश**में[१९] पहुंच गया। जब वह इस देशमेंसे गुजर रहा था तो उसको **खोखर**[२०]सरदार **यशोरथ**[२१] (जसरथ) और **शकन्दर**[२२] (सिकंदर) की सेनाओंके युद्धकी सूचना मिली और दोनों सेनाओंका कोलाहल सुनाई देने लगा। यह सुन यात्री लोग बहुत घबराये। अब संघ कुछ पीछे लौटा और फिर विपाशा तटका आश्रय लिया। नावों द्वारा जल्दीसे उसे पार किया और **कुंगुद**[२३] नामके घाटमें होकर मध्य, जाङ्गल, जालंधर और काश्मीर इन चारों देशोंकी सीमाके मध्यमें रहे हुए **हिरियाणा**[२४] नामके स्थानमें जा पहुंचा। वहां **कानुकयक्ष**के[२५] मंदिरके निकट **चैत्र सुद ११** के दिन बड़ा जलसा किया।

---

१७. तलपाटकका आधुनिक रूप तलवाड़ा है। इस नामके कई स्थान हैं। एक तो होशियारपुर जिलेमें ब्यासके किनारे पर है और होशियारपुरसे २५ मील पूर्वोत्तरमें है। विज्ञप्तित्रिवेणिका तलपाटक इससे भिन्न होना चाहिये, क्योंकि वह दीपालपुरके पास होगा और इसी लिये दीपालपुरके श्रावक वहां आये।

१८. देवपालपुरका आधुनिक नाम दीपालपुर है। यह भी पुराने ब्यासके किनारे पर था।

१९. रावी और ब्यासके मध्यवर्ती मैदानी इलाका जिसे आजकल 'माझा' कहते हैं। इसमें लाहौर और अमृतसरके ज़िले शामिल हैं।

२०. खोखर पंजाबकी एक हिन्दु जातिका नाम था। इस जातिके लोग बड़े कलहप्रिय थे।

२१. जसरथ नामी इनका सरदार बड़ा बलवान् था। उसने सन् १४२८ (सं० १४८५, गुजराती गणनासे १४८४) में दिहलीके विरुद्ध विद्रोह किया। दिहलीकी और जसरथकी सेनाओंका परस्पर युद्ध माझा देशमें हुआ। इसीका निर्देश विज्ञप्तित्रिवेणिमें हैं।
–*Cambridge History of india*, Vol. III *p.* 201.

२२. सिकन्दर तोहफ़ा जिसने जसरथका मुक़ाबिला किया।

२३. यह ब्यासके किसी पत्तनका नाम है जो शायद आज कलके हरीके पत्तनके पास हो, क्योंकि यहांसे ब्यासको पार करके संघ जालंधर दोआबमें प्रविष्ट हुआ जहां काश्मीर, जालंधर, जाङ्गल और मध्यदेशकी सीमायें मिलती हैं। ऐसा स्थान हरीके पत्तनके पास होना चाहिये।

ऐसा प्रतीत होता है कि संघ मध्यदेशमें होता हुआ पठानकोट, नूरपुर आदिके रास्ते कांगड़ेको जाना चाहता था, लेकिन जसरथ और शाही सेनाके युद्धके कारण उसे पीछे हटना पड़ा और फिर वह जालंधर दोआबमें होकर कांगड़े पहुंचा। इसी लिये एक बार फिर ब्यासको पार करना पड़ा।

२४. यह स्थान सतलुज और ब्यासके संगमके पास होना चाहिये, क्योंकि वहां ही चार देशोंकी सीमायें मिलती हैं। आजकलका हरियाणा जो होशियारपुरसे १० मील उत्तरकी ओर है, विज्ञप्तित्रिवेणिका हिरियाणा नहीं हो सकता।

२५. कानुकयक्ष कदाचित् कांगड़े-प्रान्तका 'कासावजख' हो।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यहां संघको पांच दिन ठहरना पड़ा, क्योंकी बड़ी घोर वर्षा हुई और ओले पड़े। छठे दिन सवेरे ही कूच करके सपादलक्ष (सवालक) पर्वतकी तंग घाटियोंको लांघता हुआ और पहाड़ी दृश्योंको देखता हुआ संघ फिर विपाशाके किनारे आ पहुंचा। उसे पार कर गांवोंमें होता हुआ संघ [२६]**पातालगंगा**के तट पर आ गया। उसे निरायास पार कर लिया। आगे बढ़ते हुए और पर्वत शिखरोंको पैरों तले कुचलते हुए संघने दूरसे सुनहरी कलशवाले मंदिरोंकी पंक्तिसे सुशोभित **नगरकोट**को देखा। नगरकोटके नीचे **बाणगंगा**[२७] बहती है, उसे उतर कर संघ गांवमें जानेकी तैयारी कर रहा था कि सामनेसे नगरकोटके संघने उसका स्वागत किया और बड़े ठाठबाठसे नगरमें उसका प्रवेश कराया। यह सं० १४८४के ज्येष्ठ सुदी पंचमीका दिन था। गांवमें पहुंचते ही संघने सबसे पहले **साधु**[२८] क्षीमसिंहके बनवाये शान्तिनाथके मंदिरके दर्शन किये। फिर राजा [२९]**रूपचंद**के बनवाये महावीर भगवानके मंदिरके दर्शन किये। वहांसे आदिनाथ भगवानके तीसरे मंदिरमें गये।

इस प्रकार शहरके तीनों मंदिरोंके दर्शन करके संघने उस दिन विश्राम किया। अगले दिन प्रातःकाल शहरके पास पहाड़ी पर **कङ्गदक**[३०](कांगड़ा) नामका जो किला है और जिसमें आदिनाथ भगवानका प्राचीन और सुंदर मंदिर है उसकी यात्राके लिये संघने प्रस्थान किया। किलेमें जानेके लिये राजमहलोंके बीचमें होकर जाना पडता था। इस लिये राजा **नरेन्द्रचन्द्र**ने[३१] जो उस समय वहांका राजा था, अपने नौकरोंको हुकम दिया कि संघके आने जानेमें किसी प्रकारका विघ्न न डालें। सात [३२]दरवाजोंमेंसे गुजर कर संघने किलेमें प्रवेश

२६. इसे गुप्तगंगा भी कहते हैं। यह सोतों और प्रपातोंसे बनकर अदृश्य हो जाती है। शायद इसी लिये 'गुप्त' या 'पाताल' गंगा कहलाती है।

२७. बाणगंगा अबतक कोट कांगडाके नीचे बहती है। यहां भी तीन छोटी नदियोंका एक संगम 'त्रिवेणि' कहलाता है।

२८. साधु शब्दसे 'साह', 'शाह'का तात्पर्य हैं।

२९. कनिंघमके मतानुसार राजा रूपचन्द्र दिहलीके सम्राट् फीरोजशाह तुगलकका समकालीन था। इसका अनुमानित समय सन् १३६० है।

३०. कांगड़ा शब्दका संस्कृतरूप, जो अन्यत्र कहीं नहीं मिला।

३१. कनिंघमने नरेन्द्रचन्द्रकी अनुमानित तिथि सन् १४६५ (रिपोर्ट पृ० १५२) दी है, पर विज्ञप्तित्रिवेणिके अनुसार वह सन् १४२८में जीवित था।

३२. कोटमें प्रवेश करते समय सबसे पहले एक चौक आता है जिसके दो दरवाज़े हैं। इन्हें 'फाटक' कहते हैं और ये सिक्खोंके समयमें बने थे। चौकके आगे आहनी (लोहमय), अमीरी, जहांगीरी, अन्धेरी या हन्देली, दर्शनी (मंदिरोंवाले चौकका दरवाज़ा) और महलों वाले दरवाजे हैं।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



किया और बड़े भक्तिभावसे तीर्थराजके दर्शन किये। वहांके लोगोंने संघको बतलाया कि इस महातीर्थकी स्थापना भगवान् नेमिनाथके समय राजा सुशर्मने की थी। यहां राजा नरेन्द्रचन्द्रने संघको अपने पास बुला भेजा और उपाध्याय जयसागरके साथ एक काश्मीरी पंडितका शास्त्रीय वार्तालाप कराया; अपने देवागारमें रखी हुई जिनप्रतिमाओंको दिखलाया। संध्याको उपाध्यायजी अपने स्थान पर आ गये। सप्तमीके दिन संघकी ओरसे नगर और क़िलेके चारों मंदिरोंमें महापूजा रचाई गयी। अष्टमीके दिन शान्तिनाथके मंदिरमें नन्दीकी रचना की गयी। इस प्रकार दस दिन तक संघ नगरकोटमें रहा। ग्यारहवें दिन सकल संघ फिर सभी मंदिरोंमें गया और प्रास्थानिक चैत्यवंदन कर अपने नगरकी ओर रवाना हुआ। [ क्रमशः ]

# વિશ્વવિગ્રહની મુખ્ય મુખ્ય ઘટનાઓ

[ સન ૧૯૩૯ ના સપ્ટેમ્બર માસથી શરૂ થઈ સન ૧૯૪૫ ના મે માસમાં પૂર્ણ થયેલ વિશ્વવિગ્રહની મુખ્ય મુખ્ય ઘટનાઓ, ક્રમવાર નીચે આપવામાં આવી છે. વિશ્વવિગ્રહના મુખ્ય અંગ તરીકેના જર્મન વિગ્રહનો અંત આવવા છતાં જાપાનનો વિગ્રહ હજુ ચાલુ છે. એટલે, એટલે અંશે વિશ્વવિગ્રહનો એક અંશ હજુ ચાલુ છે એમ ગણી શકાય. ]

### ૧૯૩૯

સપ્ટેમ્બર ૧–જર્મની પોલાંડ પર આક્રમણ કરી ડાન્ઝીંગને ખાલસા કરે છે.

૩ : બ્રિટન અને ફ્રાન્સે જર્મની સામે લડાઈ જાહેર કરી.

૧૦ : કેનેડા જર્મની સામે લડાઈ જાહેર કરે છે.

૧૭ : રશિયન ટુકડીઓએ પૂર્વ પોલાંડ પર આક્રમણ કર્યું.

૨૭ : વોરસો પડ્યું.

૨૮ : જર્મની અને રશિયાએ પોલાંડને વહેંચી લીધું

ઓકટોબર ૧૬–જર્મનીએ બ્રીટન ઉપર પહેલો હવાઈહલ્લો કર્યો

નવેમ્બર ૩૦ : રશિયા ફિનલેંડ પર આક્રમણ કરે છે.

ડિસેમ્બર : મોન્ટે વીડિયો બારાની બહારની બાજુએ ત્રણ બ્રિટિશ ક્રુઝરો સાથેના જંગ પછી ગ્રાફસ્પી તારાજ થાય છે.

### ૧૯૪૦

ફેબ્રુઆરી ૨ : ફિનલેંડ રશિયા સાથે 'માનભરી સંધિ'ની યાચના કરે છે.

માર્ચ ૧૨ : રૂસો ફિનિશ વિગ્રહનો અંત.

એપ્રિલ ૯ : જર્મની નોર્વે અને ડેન્માર્ક પર આક્રમણ કરે છે.

મે. ૧૦ : હિટલર લોલેન્ડઝ પર આક્રમણ કરે છે. ચર્ચિલ ચેમ્બરલેનની જગાએ વડો પ્રધાન થાય છે.

૧૪ : હોલાંડ શરણાગતિ સ્વીકારે છે.

૨૮ : બેલ્જીયમ શરણે થયું.

૨૯ : ૫ લાખ અંગ્રેજ સૈનિકોએ ડંકર્કમાંથી નાસી છૂટવાના પ્રયાસો આદર્યા.

જૂન ૩ : જર્મનો પેરીસ પર બોમ વરસાવે છે.

૪ : મિત્રો મ્યુનિચ, ફ્રેન્કફોર્ટ અને રૂહર પર વિમાની હુમલા કરે છે.

૧૦ : બ્રિટન નોર્વે ખાલી કરે છે. ઇટાલી બ્રિટન અને ફ્રાંસ સામે લડાઈ જાહેર કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૪ : જર્મનો પેરિસમાં પ્રવેશે છે.

૧૭ : માર્શલ પેતાંએ ફ્રાંસની શરણાગતિ જાહેર કરી

૨૦ : કોમ્પેન ખાતે ફ્રાંસ અને જર્મનીની યુદ્ધવિરામની સંધિ.

૨૮ : રશિયા રૂમાનિયામાંનું બેસારેબિયા કબજે કરે છે.

જુલાઈ ૨૪ : રશિયાએ એસ્ટોનિયા, લેટવીઆ અને લીથુઆનિઆ જોડી દીધાં

૧૯ : હિટલરની શાંતિ માટેની છેલ્લી તકનો બ્રિટન ઇનકાર કરે છે.

ઓગસ્ટ ૨૦ : પશ્ચિમ વિસ્તારનાં નૌકા અને વિમાની મથક યુ. એસ. ને આપ્યાની બ્રિટને જાહેરાત કરી.

૩૧ : શાહી વિમાનો પહેલી વાર બર્લિનના મુખ્ય ભાગ પર હલ્લો કરે છે.

સપ્ટેમ્બર ૩ : બ્રિટનને ૫૦ જૂની વિનાશિકાઓ આપવાની રૂઝવેલ્ટે જાહેરાત કરી.

૬ : રૂમાનીઆના રાજા કેરોલ પોતાના પુત્રની તરફેણમાં ગાદી છોડે છે.

૭ : લંડન પર રાતના ભારે વિમાની હુમલાઓ શરૂ થયા.

૨૭ : જાપાન ધરી સાથે જોડાય છે. બર્લીનમાં દસ વર્ષના ત્રિપક્ષી કરાર પર સહી કરે છે.

ઓકટોમ્બર ૨૭ : ઇટાલીનનું ગ્રીસ પર આક્રમણ

નવેંબર ૯ : ચેમ્બરલેનનું અવસાન.

૧૭ : ગ્રીકો ૧૦૦ માઇલના મોરચા પર ઇટાલીયનોને ઊખેડી નાંખે છે.

૨૦ : હંગેરી ધરી સાથે જોડાય છે.

૨૪ : સ્લોવાકિયા ધરી સાથે જોડાય છે.

ડિસેંબર ૧૨ : ઇટાલિયન આક્રમણકારો પીછેહઠ કરે છે.

## ૧૯૪૧

જાન્યુઆરી ૧૦ : જર્મની અને રશિયા મૈત્રીકરાર પર સહી કરે છે.

માર્ચ ૧ : બલ્ગેરિયા ધરી સાથે જોડાય છે.

૧૧ : રૂઝવેલ્ટે ધીરાણ પટાના ખરડા પર સહી કરી

એપ્રિલ ૬ : જર્મની યુગોસ્લાવિયા અને ગ્રીસ પર હુમલો કરે છે.

૧૭ : યુગોસ્લાવ સેનાની શરણાગતિ.

૨૭ : જર્મનો એથેન્સ લે છે.

મે ૧૦ : રૂડોલ્ફ હેસ છત્રી મારફત સ્કોટલેંડમાં ઊતરે છે.

૨૦ : જર્મનોની પ્રથમ વિમાની ટુકડી ક્રીટ પર હુમલો કરે છે.

૨૧ : બ્રિટિશો ક્રીટમાંથી પાછા હઠે છે.

જુન ૧૬ : યુ. એસ. બધા જર્મન એલચી ખાતાંઓ બંધ કરે છે.

૨૨ : જર્મની, ઇટાલી, અને રૂમાનિયા રશિયા સામે લડાઈ જાહેર કરે છે.

૨૫ : ફિનલેંડ રશિયા સામે લડાઇમાં ઊતરે છે.

જુલાઇ ૪ : યુ. એસ. ના વિમાનો પશ્ચિમ યુરોપ પર પહેલી જ વાર વિમાની હુમલો કરે છે.

૫ : બ્રિટિશો એલેકઝાન્ડ્રીયામાં રોમેલને અટકાવે છે.

૭ : અમેરિકનો આઇસલેંડમાં ઊતરે છે.

૧૩ : બ્રીટન અને રશિયા જર્મની સામે સંયુક્ત પગલું લેવાનું નક્કી કરે છે.

જુલાઇ ૧૭ : જાપાનીઓ એલ્યુશિયનમાં ત્રણ ટાપુઓ કબજે કરે છે.

૨૪ : જાપાનીઓ ફ્રેંચ ઇન્ડો ચીનમાં પ્રવેશ કરે છે.

૨૭ : રશિયનો રેસ્ટોવ ખાલી કરે છે.

ઓગસ્ટ ૭ : અમેરિકનો ગુડાલ કેનાલ પર ઊતરે છે.

૧૪ : રૂઝવેલ્ટ–ચર્ચિલની દરિયાપરની મુલાકાત આટલાંટિક ખતપત્ર ઘડે છે.

૧૯ : ડીપે પર વિમાની હુમલો.

૨૫ : બ્રિટિશ અને રશિયનો ઇરાન પર આક્રમણ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સપ્ટેંબર ૧૭ : સ્ટેલિનગ્રેડ ભયમાં.

ઓકટોબર ૧૯ : મોસ્કોમાં ઘેરાની સ્થિતિ

૨૩ : જનરલ મોન્ટગોમરી એલએલામીન ખાતેની ધરી હરોળ તોડી નાખે છે.

નવેમ્બર ૮: અમેરિકનો અને બ્રિટિશો ઉત્તર પર આક્રમણ કરે છે.

૧૧ : જર્મનો આખું ફ્રાંસ કબજે કરે છે. અમેરિકનો કાસાબ્લાન્કા અને ઇરાક કબજે કરી ફ્રેંચ સામનાનો અંત આણે છે.

૧૨ : સોલોમન્સમાં ત્રણ દિવસનો નૌકાજંગ યુ. એસ. જીતી જાય છે.

૧૩ : બ્રિટિશરો તોબ્રુક લે છે.

૨૭ : તુલોં ખાતે મોટા ભાગનો ફ્રેંચ નૌકા કાફલો નાશ પામ્યો.

ડિસેંબર ૭ : જાપાનીઓ પર્લ હાર્બર પર હુમલા કરે છે.

૮ : યુ. એસ. લડાઇ જાહેર કરે છે. જાપાનીઓ મીડવે પર હુમલો કરે છે.

૧૦ : જાપાનીઓ ફિલિપાઇન્સમાં ઊતરે છે.

૧૧ : જર્મની અને ઇટાલી યુ. એસ. સામે લડાઈ જાહેર કરે છે.

૧૬ : આખા પૂર્વી મોરચે જર્મનો પીછેહઠ કરે છે.

૨૫ : હોંગકોંગ પડે છે.

૨૭ : મનિલા પર બોંબમારો થયો.

૨૮ : એડમિરલ દાર્લાનું ખૂન થયું.

**૧૯૪૨**

જાન્યુઆરી ૧૮ : લાલ સેના સ્ટાલિનગ્રેડના ઘેરાને તોડી નાખે છે,

૨૪ : આફ્રીકામાંના છેલ્લા ઈટાલી સંસ્થાનનું પાટનગર ટ્રિપોલી પડે છે.

૨૬ : રૂઝવેલ્ટ અને ચર્ચિલ બીનશરતી શરણાગતિનો કાસાબ્લાન્કા ખાતે નિર્ણય કરે છે.

૨૭ : ભારે બોમધારી અમેરિકન વિમાનોએ જર્મની પર હુમલો કર્યો.

ફેબ્રુઆરી ૯ : ગુડાલ કેનાલ પર કબજો.

માર્ચ ૧–૪ બિસ્માર્ક સમુદ્રની લડાઈમાં જાપાનીઓને મળેલી હાર.

મે ૧૧ : ચર્ચિલ પાછા વોશિંગ્ટનમાં.

મે ૧૪ : આટુ પર અમેરિકનોનું ઊતરાણ.

**૧૯૪૩**

જાન્યુ ૧ : ધરી રાજ્યો સાથે સ્વતંત્ર સંધિ ન કરવાના સંયુક્ત રાષ્ટ્રોના કરાર.

૨ : જાપાનીઓ મનિલા કબજે કરે છે.

૧૪ : આટલાંટિક કિનારા નજીક પહેલવહેલું એક જહાજ ટોર્પીડોનું ભોગ બન્યું.

૨૧ : લીબીઆમાં ૫૦૦ માઈલ પરના બ્રિટિશ ધસારાને રોમેલ અટકાવે છે.

૨૬ : પ્રથમ અમેરિકન ટુકડીઓ આયર્લેંડમાં આવે છે.

ફેબ્રુઆરી ૧ : યુ. એસ. નૌકાદળ ગીલ્બર્ટ અને માર્શલ ટાપુઓ પર હુમલા કરે છે.

૨ : સ્ટેલીનગ્રાડમાં રશિયાનો વિજય.

૧૫ : સિંગાપુર શરણે થાય છે.

૨૭ : જાવા નજીક મહાન નૌકા જંગ શરૂ થાય છે; યુ. એસ. ક્રુઝર 'હાઉસ્ટન' અને વિનાશિકા 'પોપ' ગુમાવે છે.

માર્ચ ૯ : જાપાનીઓ જાવા પર કબજો કરે છે. બરમાનું પાટનગર રંગૂન પડે છે.

૩૧ : બટાન પર જાપાની હુમલો.

એપ્રિલ : ૯ બટાનની લડાઈનો અંત.

૧૮ : ટોકીઓ પર મિત્રવિમાનોનો હુમલો.

મે ૪–૮ : જાપાનીઓ કોરલ સમુદ્રના નૌકા જંગમાં હારે છે.

૬ : કોરિજિડોર પડે છે.

૧૨ : રશિયનોનું ખાર્કોવ સામે આક્રમણ.

૩૦ : ૧૦૦૦થી વધારે શાહી વિમાનો કોલોન પર વિમાની હુમલો કરે છે.

જૂન ૫ : યુ. એસ. નૌકાદળ મીડવે ખાતે જાપાનીઓને ઉખેડી નાખે છે.

૧૧ : યુ. એસ. અને રશિયા વચ્ચે કરાર.

૧૨ : જાપાનીઓ એલ્યુશિયનમાં ઊતરે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૮ : ચર્ચિલ યુદ્ધ સમયમાં બીજીવાર યુનાઈટેડ સ્ટેટ્સની મુલાકાતે.

૨૧ : તોબ્રુક નાઝીઓના હાથમાં.

૨૩ : નાઝીઓ ઈજીપ્ત તરફ આગળ વધે છે.

જૂલાઇ ૧ : જર્મનો સેબાસ્ટોપોલ કબજે કરે છે.

૫ : કુલા અખાતના નૌકા જંગમાં યુ. એસ. નો વિજય.

૭ : અમેરિકનો મુન્દા પર ઊતરે છે.

૧૦ : મિત્રોનું સીસીલી પર આક્રમણ.

૧૯ : મિત્રોનો રોમ પર બોંબમારો.

૨૨ : સીસીલીનું પાટનગર પાલેર્મો પડે છે.

૨૫ : મુસોલીની રાજીનામું આપે છે, બેડોગ્લીઓ વડો પ્રધાન થાય છે.

ઓગસ્ટ ૧૫ : અમેરિકનો એલ્યુશિયન્સ-માંનું કીસ્કા કબજે કરે છે.

૧૭ : સીસીલીનો સંપૂર્ણ વિજય.

૨૩ : રશિયનો બીજી વખત ખાર્કોવ પાછું લે છે.

૨૪ : રૂઝવેલ્ટચર્ચિલ કિવબેક ખાતે મળ્યા.

૨૫ : બર્માનું આક્રમણ માઉન્ટબેટનને સોંપાયું.

૨૯ : નાઝીઓ સામેના બળવામાં ડેન લોકો કાફલો ડુબાડી દે છે.

સપ્ટેંબર ૩ : મેસીના સામુદ્રધુની ઓળંગીને ઈટાલી પર આક્રમણ કર્યું.

૮ : ઈટાલીની બીનશરતી શરણાગતિ.

૯ : સાલેર્નો ખાતે ઈટાલી પર આક્રમણ.

૧૦ : જર્મનોએ રોમનો કબજો લીધો.

૧૧ : મોટા ભાગનો ઈટાલિયન કાફલો છટકીને મિત્રોના હાથમાં જાય છે.

૧૨ : નાઝી છત્રી–સૈનિકોએ મુસોલીનીને છોડાવ્યો.

૨૬ : સ્મોલેન્સ્ક રશિયનોના હાથમાં.

ઓકટોબર ૧ : મિત્રો નેપલ્સ લે છે.

૧૩ : ઇટાલી જર્મની સામે યુદ્ધ જાહેર કરે છે.

૨૬ : લાલસેના નેપ્રોપેટ્રોવ્સ્ક કબજે કરે છે.

નવેંબર ૧ : અમેરિકનો બોગેનવીલે પર ઊતરે છે.

૬ : લાલ સેના કીવ કબજે કરે છે.

૨૧ : અમેરિકન દળો ટરાવા પર ઊતરે છે.

ડિસેંબર ૪ : રૂઝવેલ્ટ–ચર્ચિલ–સ્ટાલિન તહેરાન ખાતે મળે છે.

૧૬ : અમેરિકન સેના ન્યુબ્રિટનપર ઊતરી.

૨૪ : યુરોપ પરના આક્રમણની બધી લગામો આઇઝન હોવરને સોંપાઇ.

## ૧૯૪૪

જાન્યુઆરી ૪ : લાલસેના પોલિસ સરહદ ઓળંગી આગળ વધી.

૩૧ : યુ. એસ.નું માર્શલ ટાપુઓ પર આક્રમણ.

માર્ચ ૧૦ : ધરી વળાવાઓને કાઢી મૂકવાના અમેરિકાના આદેશનો આયરે ઇન્કાર કર્યો.

૨૦ : જર્મનો હંગેરી કબજે કરે છે.

એપ્રિલ ૩ : રશિયનોનું રૂમાનિયા પર આક્રમણ.

૧૦ : લાલસેના ઓડેસા કબજે કરે છે.

૧૨ : લાલસેના ક્રર્ચ દ્વિપકલ્પ મુક્ત કરે છે.

૨૧ : અમેરિકનોએ ન્યુગીની પર ઊતરાણમથક સ્થાપ્યું અને ૬૦૦૦૦ જાપાનીઓને ઘેરી લીધા.

મે ૧ : એક અમેરિકન માલવાહક જહાજ ભૂમધ્યમાં ડૂબ્યું. ૪૯૮.ના જાન ગયા.

૧૦ : લાલસેનાએ સેબાસ્ટોપલ કબજે લીધું.

૧૧ : મિત્રોનું ઇટાલીમાં નવું આક્રમણ.

૧૮ : કેસીનો પડયું.

જૂન ૪ : મિત્રો રોમ કબજે કરે છે.

૬ : મિત્રો નોર્મન્ડી પર આક્રમણ કરે છે.

૧૨ : રશિયનો ફિનલેંડના પ્રવેશદ્વાર સમી કેરીલિયન સંયોગી ભૂમિ તરફ ધસે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૪ : અમેરિકનો સાઇપાન પર ઊતરે છે.

૧૬ : પહેલી જ વાર બ્રિટન પર ફેંકાયેલા ઊડતા બૉંબ. લાલસેનાએ ફિનલૅંડમાં કબજે કરેલાં ૧૮૦ શહેરો.

૧૮ : રશિયનો મેનરહીમ લાઇનમાં ભંગાણુ પાડે છે.

૧૯ : અમેરિકનો શેરબુર્ગ દ્વીપકલ્પમાં ૨૫૦૦૦ જર્મનોને ઘેરે છે.

૨૭ : અમેરિકનો શેરબુર્ગ કબજે કરે છે.

૨૮ : અમેરિકન બૉંબધારી વિમાનો બ્રિટન અને ઇટાલી પરથી ઊડીને ફ્રાન્સ, રૂમાનિયા અને બલ્ગેરિયામાં હાહાકાર મચાવે છે.

૩૦ : યુ. એસ. ફિનલૅંડ સાથેનો સંબંધ તોડે છે.

જુલાઈ ૩ : લાલસેના મીનસ્ક કબજે કરી બે લાખ જર્મનોને ઘેરી વળે છે.

૪ : ૫૦૦૦ મિત્ર વિમાનોના સવારથી સાંજ સુધી ફ્રાન્સ પર દરોડા.

૭ : બી. ૨૯ વિમાનો જાપાન પર બૉંબમારો કરે છે.

૧૫ : મિત્રો ઇટાલીમાં એરેઝો કબજે કરે છે.

૧૮ : અમેરિકનો ફ્રાંસમાં સેંટ લો લે છે.

૨૦ : જર્મનોનો હિટલરનું ખૂન કરવાનો પ્રયાસ.

ઑગસ્ટ ૩ : અમેરિકન ટેન્કો બ્રીટાનીનું પાટનગર રેનેસ કબજે કરે છે.

૪ : હિટલર સેનાની સાફસૂફી કરે છે.

૮ : રશિયનો કાર્પેથિયન્સમાં નાઝીઓનો તેલસામગ્રીવહેવાર કાપી નાખે છે.

૮ : હિટલરની સામે બળવો જગાડવા માટે આઠ જર્મન અફસરને ફાંસી.

૧૦ : ગુઆમ કબજે કર્યું.

૧૨ : પેરિસની પશ્ચિમે એક લાખ જર્મનોને ઘેરી લેવાને અમેરિકન ટુકડીઓની આતુરતા.

૧૫ : માર્સેલ અને નાઈસ વચ્ચે દક્ષિણ ફ્રાંસ પર મિત્રોનો ધસારો.

૨૦ : ફ્રેંચ દેશભક્તો પેરિસમાં જર્મનો સામે લડે છે.

૨૧ : જનરલ મોન્ટગોમરી કહે છે કે યુદ્ધનો અંત નજરે પડી રહ્યો છે.

૨૨ : રશિયનો વોર્સોને બાજુ પર મૂકી આગળ વધે છે.

૨૩ : રૂમાનિયા મિત્રો સામેના વિગ્રહનો અંત આણે છે. અને જર્મની સામે લડાઈ શરૂ કરે છે.

૨૫ : પેરિસ મુક્ત થયું.

૨૮ : માન ખીણમાં અમેરિકન દળોનું મોટા પાયા પર આક્રમણ.

સપ્ટેમ્બર ૪ : બ્રિટીશો બ્રુસેલ્સ કબજે કરે છે.

૪ : ફિનલૅંડે રશિયા સામેનું યુદ્ધ પૂરું કર્યું.

૧૧ : અમેરિકનોનું જર્મની પર આક્રમણ.

૧૨ : લે હાવરે પડે છે.

૧૬ : રૂઝવેલ્ટ ચર્ચિલને ક્વીબેક ખાતે મળે છે.

૨૪ : લાલ સેના ઝેકોસ્લોવકિયા અને હંગેરીમાં પ્રવેશ કરે છે.

૨૭ : મિત્રોનું આલ્બેનિયા પર આક્રમણ.

ઑક્ટોબર ૧ : કેલે પડે છે.

૩ : વોરસોમાં દેશભક્તો જર્મનો સામે લડે છે.

૫ : બ્રિટિશોનું ગ્રીસ પર આક્રમણ.

૬ : અમેરિકનોએ સીગફ્રિડ સંરક્ષણો તોડી નાખ્યાં.

૮ : કોરીન્થ ઓકો અને બ્રિટીશોના હાથમાં.

૧૧ : મિત્રફોજોને કારણે આકેન નર્કાગાર બને છે.

૧૩ : રીગા રશિયનોના હાથમાં.

૧૯ : મેક આર્થરનું ફિલિપાઇન્સ પર આક્રમણ.

૨૦ : આકેન પડે છે. રશિયનો પૂર્વ પ્રશિયામાં ધસે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૦ : લાલસેનાએ બેલ્ગ્રેડ લઈ લીધું.

૨૦ : રશિયનોનું દક્ષિણ હંગેરી પર આક્રમણ.

૨૧ : સ્ટાલિન અને ચર્ચિલ શાંતિ-પ્રશ્નો, પોલિશ પ્રશ્નો પર ચર્ચા કરે છે.

૨૫ : રશિયનોનું નોર્વે પર આક્રમણ.

૨૮ : મિત્રો બલ્ગેરિયાની યુદ્ધવિરામ શરતો સ્વીકારે છે.

૨૯ : ફિલિપાઇન સમુદ્રની બીજી લડાઇ, જાપાનીઓને મળેલી સખત હાર.

નવેંબર ૪ : ગ્રીસમાંથી જર્મનોને સાફ કર્યા.

૭ : રૂઝવેલ્ટની થયેલી ફરી ચૂંટણી.

૧૬ : આઇઝિમ હોવરનો જર્મની પર ધસારો.

૨૧ : આઈઝેનહોવરની વધારે સામગ્રી માટે વિનંતિ.

૨૩. મેટઝ પડે છે.

૨૨. ફ્રેંચો મુલ્હાઉસ કબજે કરે છે.

૨૪ : હવાઇ કિલ્લાઓનો ટોકિયો પર બોંબમારો.

૨૪ : મિત્રો સ્ટ્રાસબર્ગ કબજે કરે છે.

ડિસેંબર ૪ : ઇઆમ હડતાલિયાઓએ એથેન્સને ઘેર્યું.

૫ : બ્રિટિશોનો એથેન્સમાં એલાસ પર ગોળીબાર.

૧૧ : ફ્રાન્સ અને રશિયા વચ્ચે ૨૦ વર્ષના પરસ્પર સહકારના કરારો પર સહી થઈ.

૨૦ : વોન રન્સ્ટેડ ૧૫ નાઝી ડિવિઝનો સાથે મિત્ર હરોળોને તોડી નાખે છે.

૨૨ : ઘેરાઇ ગયેલા બેસ્ટોનમાં વિમાનો મારફત ખોરાક અને તબીબી સામગ્રી પહોંચાડવામાં આવી.

૨૫ : ચર્ચિલ અને ઇડન એથેન્સ જાય છે.

૨૭ : ઘેરાઇ ગયેલું બેસ્ટોન હળ મુક્ત થયું.

૩૧ : લબ્લીનના પોલ લોકોએ પોતાની સરકાર રચી લંડન સાથે સંબંધ તોડ્યો.

## ૧૯૪૫

જાન્યુઆરી ૫ : સ્ટ્રાસબર્ગના વળતા હુમલામાં નાઝીઓ ફ્રાંસમાં પંદર માઇલ સુધી ઘુસે છે.

૯ : રશિયનો જર્મન વળતા હુમલાને બુડાપેસ્ટ ખાતે પાછો વાળે છે.

૧૨ : નવું રશિયન શિયાળુ આક્રમણ શરૂ.

૧૫ : એલાસ અને બ્રિટિશો લડવું બંધ કરે છે.

૧૫ : જર્મનોની આક્રમણ પ્રદેશમાંથી સંપૂર્ણ પીછેહઠ.

૧૭ : લાલસેના વોર્સો લે છે.

૧૮ : ચર્ચિલ જર્મનીને શરણે આવવાનું જણાવે છે.

૨૦ : હંગેરી યુદ્ધવિરામના કરાર પર સહી કરે છે.

૨૧ : લાલ સેનાનું સાઇલેશિયા પર આક્રમણ.

૨૧ : હંગેરી જર્મની સામે લડાઈ જાહેર કરે છે.

૨૨ : લાલસેના પૂર્વ પ્રશિયામાં જર્મનોને ઘેરે છે.

૨૮ : અમેરિકનો પહેલી વાર પશ્ચિમ તરફની આગેકૂચ શરૂ કરે છે.

ફેબ્રુઆરી ૨ : "ત્રણ વડાઓ" યાલ્ટા ખાતે મળે છે.

૪ : મેક આર્થર મનિલા લે છે.

૮ . મોન્ટગોમરી બ્રિટિશ કેનેડિયન વળતો હુમલો શરૂ કરે છે.

૧૨ : રશિયાને પૂર્વ પોલાંડ મળે છે. જર્મનીને હંમેશને માટે નિશસ્ત્ર કરવામાં આવશે. એવી ત્રણ વડાઓની પરિષદના નિર્ણયોની જાહેરાત.

૧૩ : બુડાપેસ્ટ લાલ સેનાના હાથમાં.

૧૬ : અમેરિકન વિમાનવાહક જહાજો ટોકિયો પર ૧૨૦૦ વિમાનો મોકલે છે.

૧૭ : લાલ સેના બ્રેસ્લોને ઘેરો ઘાલે છે.

૧૮ : કોરીજીડોર પર છત્રી સૈનિકો ઊતરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૯ : અમેરિકનોનું છવોજીમા પર આક્રમણ.

૨૨: મેક્ષિકોમાં આંતરિક અમેરિકી પરિષદ.

૨૩ : તુર્કી ધરી સામે લડાઇ જાહેર કરે છે.

૨૪ : મનિલા મુક્ત થયું.

૨૬ : ચાર મિત્રસેનાઓ રહાઇન પર ત્રાટકે છે.

૨૭ : લાલ સેના પોમેરેનિયન કિલ્લેબંધી તોડી ૪૪ માઇલ આગળ વધે છે.

માર્ચ ૧ : લાલ સેનાનો બાલ્ટિક ધસારો ડાન્ઝીંગને જર્મનીથી કાપી નાખે છે.

૨ : અમેરિકનો રહાઇન ખાતે પહોંચે છે.

૬ : પહેલી અમેરિકન સેના કોલોન કબજે કરે છે. ત્રીજી સેનાનો કોબ્લેન્ઝ તરફ ધસારો.

૭ : ૩ જી અમેરિકન સેના રહાઇન પર પહોંચી. લાલ સેનાનો બર્લિન તરફ ધસારો.

૧૦ : ત્રણસો વિમાનો ટોકિઓ પર પ્રચંડ વિમાની હુમલો કરી એને ભડકે બળતું કરે છે.

૧૫ : ચર્ચિલ આ ગ્રીષ્મ ઋતુના અંત ભાગમાં યુદ્ધનો અંત જુએ છે. સ્વીડન માર-ફત જર્મનીએ સુલેહ માટે કરેલા પ્રયાસોને બ્રિટિશો અસ્વીકાર કરે છે.

૧૭ : છવોજીમા અમેરિકનોના હાથમાં.

૧૮ : ત્રીજી અમેરિકન સેના કોબ્લેન્ઝ કબજે કરે છે. બર્લિનપર મિત્રવિમાનોની ધાડ.

૧૯–૨૦ : અમેરિકન નૌકા વિમાનોનો જાપાનના શાહી નૌકા કાફલા પર હુમલો.

૨૦ : ૩જી અને સાતમી અમેરિકન સેનાઓ સાર પ્રદેશમાં મળે છે.

૨૨ : ત્રીજી અમેરિકન સેના રહાઇન ઓળંગે છે.

૨૪ : ચાર મિત્ર સેનાઓ વિશાળ મોરચા પર રહાઇન ઓળંગે છે. રશિયનો હંગેરીમાં ૪૪ માઇલ આગળ ધસે છે.

૨૬ : રહાઇન આક્રમણ આંતર પ્રદેશમાં પ્રવેશે છે. ત્રીજી સેના મધ્યસ્થ મેદાનમાં પ્રવેશે છે. સાતમી સેના પણ રહાઇન ઓળંગે. છે. પહેલી અમરિકી સેના લીમ્બર્ગના પરામાં નજીક પહોંચે છે. નવમી સેના ૧૭ માઇલ પૂર્વ તરફ ધસે છે.

એપ્રિલ ૧ : ઓકીનાવા ટાપુઓ પર અમેરિકન દળોનું ઉતરાણ.

૫ : રશિયાએ જાપાન સાથેના તટસ્થતાના કરાર રદ કર્યો.

૧૧ : 'વોન પોપેન' સાથીઓના હાથમાં કેદ પકડાયો.

૧૨ : પ્રમુખ રૂઝવેલ્ટનું અચાનક અવસાન.

૧૫ : બર્લીન મોરચે માર્શલ ઝુકોવના આક્રમણનો આરંભ.

૧૮ : મિત્ર સેનાનો ઝેકોસ્લોવકિયામાં પ્રવેશ : બર્લિનના જંગની પરાકાષ્ટા.

૨૦ : રશિયનો બર્લિનના પાદરમાં પહોંચ્યા.

૨૩ : મ્યુનિક અને બેવેરીયાની આલ્પસ પર્વતમાળા તરફ પેટનના ધસારાનો આરંભ, બર્લિનમાં રશિયનોનો ધસારો.

૨૫ : બર્લિનનો ઘેરો સંપૂર્ણ બન્યો.

૨૬ : બર્લિનથી ૭૫ માઇલ છેટે ટોર્ગોમાં સાથીસૈન્ય અને રશિયનસૈન્ય વચ્ચે જોડાણ થયું.

૨૮ : હીમ્લરે બ્રિટન અને અમેરિકાને શરણે થવાની ઓફર કરી જેનો અસ્વીકાર થયો.

૨૯ : જર્મનીએ ત્રણેય મિત્રરાષ્ટ્રોને બીન-શરતી શરણે થવાનું કહેણુ મોકલ્યું છે, એવા સમાચારો ખૂબ જોરમાં ફેલાયા પણ તેને સત્તાવાર સમર્થન મળ્યું નહિ.

'વેનીસનું પતન.'

મે ૧ : હેર હિટલરનું અવસાન. નવા ફ્યુહરર તરીકે એડમીરલ ડોનીઝની નીમણુંક.

૨ : બર્લીનનું પતન. ઈટાલીમાં જર્મન સેનાની શરણાગતિ.

૩ : મિત્રફોજોનો રંગુનમાં પ્રવેશ.

૬. પશ્ચિમ મોરચે જર્મની અને બ્રીટન-અમેરીકા વચ્ચે યુદ્ધવિરામ.

૭ : મિત્રરાજ્યો સમક્ષ જર્મન ફ્યુહરર એડમીરલ ડોનીઝની સંપૂર્ણ શરણાગતિ. શરણાગતિના દસ્તાવેજો પર સહી.

**૮ મે ૧૯૪૫ વિજયદિન.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# छत्तीसगढ प्रान्तमें प्राचीन भित्तिचित्र

लेखक—पूज्य मुनिमहाराज श्रीकांतिसागरजी

प्रस्तुत प्रान्तका उपर्युक्त नाम नूतन प्रतीत होता है, क्योंकि प्राचीन साहित्य तथा शीलालेखों व ताम्रपत्रोंमें इस प्रान्तका प्राचीन नाम महाकोशल या दक्षिणकोशल बतलाया गया है। सम्राट् समुद्रगुप्तकी अल्लाहाबादस्थित [1]प्रशस्तिमें प्रान्तका नाम महाकान्तार पाया जाता है। उसमें लिखा है—कौशल और महाकान्तारके महेन्द्र[2] और व्याघ्रराज पर समुद्रगुप्तने अपना आधिपत्य जमाया। तदनंतर मुगल इतिहासकारोंने इसका नाम गोंडवाना रखा, क्योंकि यहां [3]गोंडजातिकी वसति अधिक है और १३ वीं शताब्दिसे १७वीं शताब्दि तक उन लोगोंका राज्य भी इस प्रान्तके कई भागोंमें था। बादमें भोंसलोंने अपने अधिकारमें किया और उनसे अंग्रजोंने ले लिया। यह स्पष्टतः कहना कठिन है कि छत्तीसगढ नाम क्यों और कब पडा। यों तो छत्तीसगढ प्रान्तका प्रारम्भ डोंगरगढके पास बोर तलावसे शुरू होता है, पर शासनको सुविधाके लिये बालाघाट और भंडारा जिला भी इस विभाग (Division)में सम्मिलित है। वर्तमानमें इस प्रान्तमें भंडारा, बालाघाट, द्रुग, रायपुर और बिलासपुर ये पांच जिले हैं। इन पांच जिलोंका इतिहास इतना महत्त्वपूर्ण है कि यदि इनका विकास हो तो निस्सन्देह भारतीय इतिहास और संस्कृतिके बहुतसे प्रश्न हल हो सकते हैं।

यहांपर प्राचीन कलापूर्ण अवशेष हजारोंकी संख्यामें अत्रतत्र बिखरे पडे हैं, जिनमें पद्मपुर, द्रुग, औरंग, श्रीपुर, रतनपुर, शिहावा, भंडारा आदिके अवशेष मुख्य हैं। इनसे विदित होता है कि संसारकी सभी उन्नत कलाओंका विकास यहां पर हुआ था। यहांके शिल्पमें मौलिकताका अपार आनन्द अनुभव होता है। यहांकी गृहनिर्माणकला उच्च कोटीकी थी, जिनके प्राचीन नमूने आज भी पुरातन गुफाओंमें मिलते हैं। यहांका वन—वैभव आज भी लोगोंको आश्चर्यान्वित किये बिना नहीं रहता। यहां खानोंकी भी बहुलता है। इन सभी बातोंके होते हुए भी यहांके लोगोंकी हालत इतनी शोचनीय है कि—प्रातःकालको भोजन मिला तो शामके भोजनकी चिंता रहती है। इसका खास कारण है अशिक्षा। यहां सरीखे अशिक्षित एवं भोली प्रकृतिके लोग अन्यत्र शायद ही मिलें। इस प्रान्तमें भौतिक सम्पत्तिका अभाव भले ही हो, पर आध्यात्मिक संस्कृतिकी साधनाके लिये यह प्रान्त अत्यन्त उपयुक्त है।

यहां पर मौर्य, गुप्त, राजर्षिकुल, राष्ट्रकूट, कलचूरी, गोंड, भोंसलों आदि वंशोंका राज्य क्रमशः रह चुका है। यहां पर पहाडोंकी बहुलता होनेसे गुफाएँ अधिक संख्यामें

---

१. "कौशलक-महेन्द्र-महाकान्तारक-व्याघ्रराज"।

२. कवि कालिदासकृत 'रघुवंश'में भी इसका नाम आता है, जिससे लोग अनुमान करते है कि—कालिदास गुप्तोंके समयमें हुए हैं।

३. गोंडजाति यहांकी अनार्यजातियोंमेंसे एक है। मैं इस जातिपर एक विस्तृत निबंध लिख रहा हुं। इस जातिके अतिरिक्त ४५से अधिक जातियें ऐसी हैं जिनका अध्ययन मानवविज्ञानकी दृष्टिसे आवश्यक है। अन्य प्रान्तमें इतनी विशाल सामग्री शायद ही प्राप्त हों।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पाई जाती हैं, जो ऐतिहासिक और शिल्पकलाकी दृष्टिसे अत्यन्त महत्त्वकी हैं। मैं तो यहां मात्र दो ही गुफाओंका संक्षिप्त परिचय देना उचित समझता हुं।

## प्राचीन भारतमें भित्तिचित्र

भारतीय प्राचीन साहित्यके अध्ययनसे सिद्ध होता है कि उस समय घरोंमें भित्ति-चित्र-आलेखनकी प्रणालिका थी। सुरसुंदरीकहा, तरंगवती, कर्णसुंदरी, कथासरित्सागर, बृहत्कथामंजरी आदि ग्रंथोंमें कई भित्तिचित्रोंका उल्लेख मिलता है। ये चित्र कई प्रकारके होते थे और समय समय पर भिन्नभिन्न रस उत्पन्न करते थे। धार्मिक चित्र भी उल्लिखित करानेका रिवाज था, जिसके फलस्वरूप अजंटा, बाघ, सितन्नवासल, बादामी, वेरुल आदि गुफाएं हैं। ठीक इसी प्रकार प्रस्तुत प्रान्तमें भी उस समय चित्रकलाका प्रचार था। मुझे यह लिखते हुए हर्ष होता है कि-संसारमें उपलब्ध भित्तिचित्रोंमेंसे सबसे प्राचीन भित्तिचित्र इस प्रान्तमें प्राप्त हैं।

**सिंहनपुर**—यह नगर रामगढ स्टेटके अंतर्गत है। यहांकी गुफामें प्राचीन भित्तिचित्र प्राप्त हैं, जो प्रागैतिहासिक बतलाये जाते हैं; जिनका समय १०००० (दश हजार) वर्ष निश्चित किया गया है। पर इसकी ओर अधिक ध्यान नहीं दिया गया। यदि सम्पूर्ण रूपसे अध्ययन हो तो निस्सन्देह बहुत कुछ ज्ञातव्य प्रकट होनेकी संभावना है।

**जोगीमारा**—इस प्रान्तके सरगुजा राज्यके अंतर्गत लक्ष्मणपुरसे १२ मील रामगिरि-रामगढ नामक पहाडी है। वहां पर जोगीमारा नामक गुफा है। यह पहाडी २६००० फिट ऊंची है। यहांका प्राकृतिक सौन्दर्य बडा ही आकर्षक और शांतिप्रदायक है। गुफाकी चौखट पर बडे हि सुन्दर चित्र अंकित हैं। ये चित्र ऐतिहासिक दृष्टिसे प्राचीन हैं। चित्रपरिचय इस प्रकार है—

(१) एक वृक्षके निम्न स्थानमें एक पुरुषका चित्र है। बांई ओर अप्सराएं व गंधर्व हैं। दाहिनी ओर सहस्ति एक जुलूस खडा है।

(२) अनेक पुरुष, चक्र तथा भिन्न भिन्न प्रकारके आभूषण हैं। मेरी रायमें उस समयके आभूषण और आजके आभूषणोंमें बहुत कम अंतर है, और सामानिक दृष्टिसे इनका अध्ययन अपेक्षित है।

(३) अर्धभाग अस्पष्ट है। एक वृक्ष पर पक्षि, पुरुष और शिशु हैं। चारों ओर मानव-समूह उमडा हुआ है, केशोंमें ग्रंथी लगी है।

(४) पद्मासनस्थ पुरुष है, एक ओर चैत्यकी खीडकी है तथा तीन घोडोंसे जुता हुआ रथ है।

उपर्युक्त वर्णनसे स्पष्ट हो जाता है कि-ये चित्र जैनधर्मसे संबंधित हैं, परंतु संरक्षणके अभावसे चित्रोंकी हालत खराब हो गई है। इस बारेमें राय कृष्णदासने लिखा है कि—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"किन्तु उन चित्रोंकी सुन्दर रेखाएं उनके ऊपर फिरसे खिंचे गये भद्दे चित्रोंमें छिप गई है। बचे सुखे अंशोंसे अनुमान होता है कि **वहाँके कुछ चित्रोंका विषय जैन था।**"– (भारतकी चित्रकला, पृ. ११–२)

उपर्युक्त गुफामें एक प्राकृत भाषाका लेख[४] भी पाया गया है, जिसकी लिपि डॉ. ब्लाखके मतसे ३ सदी ई. स. पूर्वकी है। इस गुफाके पार एक और गुफा है जो सीता-बंगराके नामसे ख्यात है। प्रथम तो लोगोंका ख्याल था कि यह नाटचशाला है, पर पश्चात् एक लेख[५] उपलब्ध हुआ जिससे विदित हुआ कि वह वरुणमंदिर था। ये गुफा भी ई. स. पूर्वकी तीसरी सदी की है।

**रामगिरि पर्वत**—संस्कृत साहित्यके अभ्यासियोंको विदित है कि—महाकवि कालिदासने अपने 'मेघदूत' खण्डकाव्यमें रामगिरि पर्वतको अमर कर दिया। पं. नाथूरामजी प्रेमीका मानना है कि कालिदासकथित रामगिरि पर्वत यही है, क्योंकि वह दण्डकारण्य-अन्तर्गत है और कर्णरवा नदी संभवतः महानदी हो। प्रेमीजी आगे लिखते हैं कि उग्रादित्याचार्यजीने अपना "कल्याणकारक" नामक आयुर्वैदिक ग्रन्थ इसी रामगिरि पर्वतपर रचा था[६]। इन बातोंमें चाहे जितनी वास्तविकता हो, पर इतना तो स्पष्ट हो ही जाता है कि किसी समय इस प्रान्तमें जैनधर्म विस्तारके साथ फैला हुआ था, जिसका प्राचीन प्रमाण गुफाचित्र हैं। जिस समयकी गुफा बनी हुई है उस समय यहाँ मौर्योंका साम्राज्य था। सम्प्रति सम्राट् जैन थे। संभव है उन्होंने ही यह गुफा बनवाई हो। और भी अनेक उदाहरण ऐसे दिये जा सकते हैं जिनसे सिद्ध होता है कि—पुरातन कालमें जैन संस्कृति यहाँ पर खूब विस्तारसे फैली हुई थी। इस विषयमें आगे कभी प्रकाश डालनेकी भावना है।

**बूढापारा.** ता. २०–५–४१

---

४. शतनुकनाम देवदशिन्यि
तं कमयि थ बलनशेयी
देवदीन नाम लूप दखे।–"कौसलरत्नमाला" पृ० ३।

५. अदिपयन्ति हृदयम् स भाव गरुकवयो।
+ + + इति तयम + + + दुले वसन्ति या।
हि सावानुभूते कुदस ततं एवं अलंता।

६. "वेंगीशत्रिकलिंगदेशजननप्रस्तुत्यसानूत्कटः
प्रोद्यद्वृक्षलतावितानन्निरतैः सिद्धैश्च विद्याधरैः।
सर्वे मंदिरकंदरोपमगुहाचैत्यालयालंकृते
रम्ये रामगिराविदं विरचितं शास्त्रं हितं प्राणिनाम्॥

इस श्लोकमें रामगिरिके लिये जो विशेषण दिये हैं, गुहामंदिरों और चैत्यालयोंकी जो बात कही है वह भी इस रामगिरिके विषयमें ठीक जान पडती है। उग्रादित्यके समय भी वह सिद्ध और विद्याधरोंसे सेवित एक तीर्थ जैसा ही गिना जाता।"–"जैन इतिहास और साहित्य" पृ० २१२ (नागपुरसे २५ मील दूर एक रामगिरि है जो रामटेक कहलाता है)।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શાસ્ત્ર-માહાત્મ્ય

લેખક-પૂજ્ય મુનિમહારાજ શ્રી ન્યાયવિજયજી (ત્રિપુટી)

ઘણા મહાનુભાવોને કેટલીક વાર શંકા થાય છે કે શાસ્ત્રની એટલી બધી શી મહત્તા છે કે તેના સિવાય ન જ ચાલી શકે? આ પ્રશ્નનો ઉત્તર મહાન્ ગ્રંથકાર પૂજ્ય આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી પોતાના યોગબિન્દુમાં બહુ જ સરસ રીતે આપે છે, તે જોઈએ-

**परलोकविधौ शास्त्रात्, प्रायो नान्यदपेक्षते ।**
**आसन्नभव्यो मतिमान् श्रद्धाधनसमन्वितः ॥**

"ભવ્યાત્મા, બુદ્ધિમાન્ અને શ્રદ્ધાધનથી યુક્ત એવો આસન્નભવ્ય આત્મા પરલોકની સિદ્ધિને માટે શાસ્ત્ર સિવાય બીજા પ્રમાણની પ્રાયઃ અપેક્ષા નથી રાખતો."

અર્થાત્ પરલોકની સિદ્ધિને માટે અન્યાન્ય પ્રમાણોની સાથે શાસ્ત્રપ્રમાણ એ એક સબલ અને અકાટ્ય પ્રમાણ છે. બેશક શાસ્ત્રને પ્રમાણ માનનાર કદાચ બધા નહિ નીકળે, પરંતુ આસન્નભવ્ય, બુદ્ધિમાન અને શ્રદ્ધાધનથી ભરેલો આત્મા શાસ્ત્રને જરૂર પ્રમાણ માનશે.

આ વિશેષણો વાંચી કેટલાક મહાનુભવોને જરૂર શંકા થશે, પરન્તુ હું એમને કહું છું મહાનુભવો, ઉતાવળ ન કરશો. જૂઓ : એક કુશળ ડૉકટરને કોઈ પણ રોગ માટે દવાની જરૂર હશે તો પોતાના વિષયનાં પુસ્તકો જોશે, આ રોગની આ દવા છે, એમ નક્કી કરશે, પછી એ દવા આપશે. આવી જ રીતે એક કુશળ ધારાશાસ્ત્રી (બેરીસ્ટર)ને મોટાં મોટાં ગ્રંથો તપાસી અનેક આધારો ટાંકી પોતાના અસીલના લાભ માટે પ્રયત્નો કરવા પડે છે. અર્થાત્ તેમને પણ શાસ્ત્રો-ભલે પોતાના વિષયના ગ્રંથો-નાં પ્રમાણ આપવાં જ પડે છે, અને એ બરાબર માન્ય રાખવાં જ પડે છે. એવી જ રીતે જે ભવ્યાત્માને, બુદ્ધિમાનને અને શ્રદ્ધાવાનને પરલોકની સિદ્ધિ કરવી છે તેને શાસ્ત્ર માનવાં જ પડશે. હજી આગળ વધે છે—

**"धर्मस्तु न विना शास्त्रादिति तत्रादरो हितः"**

આ જીવ અર્થ અને કામ તો અનાદિકાલના સંસર્ગથી વિના ઉપદેશે પણ શીખે છે, પરંતુ ધર્મતત્ત્વ તો શાસ્ત્ર સિવાય નથી જ જાણી શકાતું. માટે શાસ્ત્ર ઉપર આદર રાખવો એ જ પરમ હિતકારક છે. સૂરિજીમહારાજ શાસ્ત્રની આવશ્યકતા બતાવતાં જણાવે છે કે—

**अर्थादावविधानेऽपि तदभावः परं नृणाम् ।**
**धर्मेऽविधानतोऽनर्थः क्रियोदाहरणात्परः ॥**

ભાવાર્થ—અર્થ અને કામમાં શાસ્ત્રજ્ઞાન ન હોય તો મનુષ્યોને અર્થાદિનો અભાવ થાય-અર્થાત્ એનું જ્ઞાન ન હોય તો પૈસો વગેરે ન મળે, પરંતુ ધર્મક્રિયામાં શાસ્ત્ર જ્ઞાનની અનિવાર્ય આવશ્યક્તા છે, કેમકે ધર્માનુષ્ઠાન શાસ્ત્રવિધાન પ્રમાણે જ કરવું જોઈએ અને તેમ ના થાય તો અનર્થ થાય છે. જેમકે ક્રિયાનું ઉદાહરણ—

**पडिवज्जिऊण किरियं, तीए विरुद्धं निसेवइ जोउ ।**
**अपवत्तगाउअहियं, सिग्घं च संपावइ विणासं ॥**

ભાવાર્થ—ક્રિયાનો સ્વીકાર કરીને, તેનાથી વિરુદ્ધ જે આચરણ કરે છે, તે, જે મનુષ્ય ક્રિયા નથી કરતો તેના કરતાં અધિક અને જલદી વિનાશ પામે છે. અર્થાત્-શાસ્ત્રાનુસારી ક્રિયાનો સ્વીકાર કરીને એ પ્રમાણે જ આચરણ કરવું જોઈએ.

**यस्मात् सदैव धर्मार्थी शास्त्रयत्नः प्रशस्यते ।**
**लोके मोहान्धकारेऽस्मिञ्शास्त्रालोकः प्रवर्तकः ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવાર્થ—નિરંતર શાસ્ત્રમાં આદર રાખનાર ધર્મીથી પ્રાણી પ્રશંસનીય છે. સંસારમાં સર્વત્ર મોહરાજાએ ગાઢ અંધકાર ફેલાવેલ છે. એમાં માર્ગ બતાવવા એક માત્ર શાસ્ત્રરૂપી પ્રકાશ જ સમર્થ છે. શાસ્ત્રનું માહાત્મ્ય દર્શાવતું સૂરિજીનું કથન વાંચો—

**पापामयौषधं शास्त्रं शास्त्रं पुण्यनिबन्धनम् ।**
**चक्षुः सर्वत्रगं शास्त्रं शास्त्रं सर्वार्थसाधनम् ॥**

ભાવાર્થ—શાસ્ત્ર પાપ રૂપી મહાવ્યાધિને નાશ કરનાર ઔષધ છે. શાસ્ત્ર પુણ્યનું કારણ છે. આત્માની શુદ્ધ પ્રવૃત્તિનું કારણ શાસ્ત્ર શાસ્ત્ર છે.સર્વ વસ્તુ જણાવવામાં ચક્ષુરૂપ છે.સામાન્ય જીવોનાં ચક્ષુઓ પ્રત્યક્ષ વસ્તુને જ દેખી શકે છે, જ્યારે જે ભવ્ય પ્રાણી પાસે શાસ્ત્ર રૂપી ચક્ષુ છે તે ત્રણ જગતની વસ્તુઓ જોઈ-જાણી શકે છે. જીવ અને અજીવનું સ્વરૂપ, પુણ્ય અને પાપનું સ્વરૂપ, ભક્ષ્ય અને અભક્ષ્યનું સ્વરૂપ, સૂક્ષ્મ અને બાદરનું સ્વરૂપ, નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવલોકનું યથાર્થ સ્વરૂપ શાસ્ત્રરૂપી ચક્ષુથી થાય છે. શાસ્ત્ર સર્વ અભિષ્ટાર્થનું પરમ સાધન છે. શાસ્ત્રથી હેય જ્ઞેય અને ઉપાદેયનું સ્વરૂપ સમજી, યોગ્ય અનુષ્ઠાનની આરાધના કરી, કર્મક્ષય કરી આ જીવ મોક્ષે પણ જઈ શકે છે. માટે જ કહ્યું સર્વાર્થની સાધના શાસ્ત્રથી થાય છે.

આગળ ચાલતાં સૂરિજીમહારાજ ત્યાં સુધી કહે છે કે, જે મનુષ્યને શાસ્ત્ર ઉપર ભક્તિ નથી તેની ધર્મક્રિયા, કર્મદોષથી નિષ્ફલ–અસફલ છે. આંધળો માણુસ દેખવાની પ્રવૃત્તિ કરે એ જેમ નિષ્ફલ છે તેમ શાસ્ત્રભક્તિ સિવાયના જીવની ધર્મક્રિયા પણ નિષ્ફલ છે.

કયા શ્રાવકની ક્રિયા સફલ થાય છે તે જણાવતાં પણ કહે છે–જેને સન્માર્ગમાં શ્રદ્ધા છે, પૂજ્ય પુરુષોને આદરથી માને–પૂજે છે, અહંકાર રહિત છે, ગુણાનુરાગી છે, મહાભાગ છે—જેની પ્રશંસનીય અચિન્ત્ય શક્તિ છે•અને જે શાસ્ત્રને આધીન છે.

આનાથી વિપરીતની સ્થિતિ વર્ણવતાં કહે છે—

**यस्य त्वनादरः शास्त्रे तस्य श्रद्धादयो गुणाः ।**
**उन्मत्तगुणतुल्यत्वान्न प्रशंसास्पदं सताम् ॥**

ભાવાર્થ—જેને શાસ્ત્ર ઉપર અનાદર છે તેના શ્રદ્ધાદિ ગુણો (શ્રદ્ધા, સંવેગ, નિર્વેદ વગેરે ગુણો) પાગલના ગુણ જેવા હોવાથી સત્પુરુષોની કદી પ્રશંસા પામતા નથી. જેમ કોઈ ઉન્મત્ત–ગાંડો માણુસ પછી ભલે તેનામાં શૌર્ય, ઉદારતા આદિ ગુણો હોય પણ તેની કાંઈ જ કિમ્મત નથી કારણ કે એ કયારે કયું અકાર્ય કરી બેસશે, એનો કશો ભરોસો નથી, તેમ ભલેને ગમે તેવો શ્રદ્ધાલુ હોય પરંતુ જેને શાસ્ત્ર ઉપર શ્રદ્ધા નથી તે મહાનુભાવ કયારે અશ્રદ્ધાલુ, સંવેગરહિત કે નિર્વેદરહિત થઈ જશે તેનો વિશ્વાસ નથી રહેતો.

મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ પોતાના શાસ્ત્રાષ્ટકમાં કહે છે—

**शास्त्रे पुरस्कृते तस्माद् वीतरागः पुरस्कृतः ।**
**पुरस्कृते पुनस्तस्मिन् नियमात् सर्वसिद्धयः ॥**

"જેમણે શાસ્ત્રને આગળ કર્યું છે તેમણે શ્રી વીતરાગ ભગવંતને આગળ કર્યા છે અને શ્રી વીતરાગ ભગવંતને આગળ કર્યા તેમને ચોક્કસ સર્વ સિદ્ધિ પ્રાપ્ત થાય છે." અર્થાત જેમણે શાસ્ત્રનું બહુમાન કર્યું છે તેમણે શ્રી વીતરાગ ભગવંતની ભક્તિ કરી. અને જે ભવ્યાત્મા શ્રી વીતરાગ ભગવંતનું બહુમાન કરે છે તેમને સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે એ સહજ વાત છે. આ જ વસ્તુ ષોડશમાં પણ જણાવી છે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अस्मिन् हृदयस्थे सति हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति ।
हृदयस्थिते च तस्मिन् नियमात् सर्वार्थसिद्धयः ॥

શ્રી વીતરાગ ભગવંતનાં શાસ્ત્ર જેના હૃદયમાં છે તેના હૃદયમાં વાસ્તવિક રીતે તો શ્રીતીર્થંકર ભગવંતનો જ વાસ છે. અને જેના હૃદયમાં શ્રી તીર્થંકર ભગવંત છે તેને સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે જ. શાસ્ત્ર શું કરે છે તે પણ શ્રી હરિભદ્રસૂરિજી કહે છે—

मलिनस्य यथाऽत्यन्तं जलं वस्त्रस्य शोधनम् ।
अन्तःकरणरत्नस्य तथा शास्त्रं विदुर्बुधाः ॥

ભાવાર્થ—મલિન વસ્ત્રને પાણી ધોઈ સાફ કરી આપે છે તેમ મલિન અન્તઃકરણરૂપ રત્નને શાસ્ત્ર સાફ કરે છે. મનને વશ કરવા માટે શાસ્ત્રઅભ્યાસ એ મહાન્ કારણ છે તેમજ મનને શુદ્ધ કરવામાં પણ શાસ્ત્ર એ જ મુખ્ય છે. માટે અવશ્ય શાસ્ત્રની આવશ્યકતા છે. સૂરિજી મહારાજ શાસ્ત્રભક્તિને મુક્તિની દૂતીની ઉપમા આપે છે—

शास्त्रे भक्तिर्जगद्वन्द्यैर्मुक्तेर्दूती परोदिता ।
अत्रैवेयमतो न्याय्यात्तत्प्राप्त्यासन्नभावतः ॥

શ્રીવીતરાગ ભગવંતોએ શાસ્ત્રમાં જે ભક્તિ તેને તો મુક્તિની ઉત્કૃષ્ટ દૂતી કહી છે. શાસ્ત્રમાં ભક્તિ એ જ મુક્તિને જલદી નજીક લાવનાર છે. માટે ન્યાય એ જ છે કે શાસ્ત્રમાં ભક્તિ રાખવી. પરંતુ એકલી શાસ્ત્રભક્તિ માટે સચેત કરતા આચાર્ય શ્રીસિદ્ધસેન દિવાકરજી મહારાજ શું કહે છે તે જરૂર લક્ષ્યમાં રાખવા યોગ્ય છે—

ण हु सासणभत्तीमेत्तएण, सिद्धंतजाणओ होइ ।
ण वि जाणओ वि णियमा, पण्णवणाणिच्छिओ णामं ॥

ભાવાર્થ—માત્ર આગમની ભક્તિથી કોઈ સિદ્ધાંત-શાસ્ત્રનો જાણકાર નથી થતો; તેમજ શાસ્ત્રનો જાણકાર જ્ઞાતા કાંઈ નિયમથી તેની પ્રરૂપણાને યોગ્ય બનતો નથી.

અર્થાત્ આગમ ઉપર એકલી ભક્તિ રાખે, પરંતુ તેમાંનું જ્ઞાન મેળવવા પુરુષાર્થ ન કરે, તો એકલી આગમભક્તિથી કાંઈ આગમના જ્ઞાતા નથી થવાતું. તેમજ આગમ જાણી લીધું કે તરત જ બધાથી તેના ઉપદેષ્ટા નથી થઈ જવાતું. શાસ્ત્રના ઉપદેશક થનારે અનેકાન્ત દૃષ્ટિ કેળવી પૂર્વાપર સંબંધ મેળવી, તત્ત્વોનું યથાર્થ જ્ઞાન હૃદયંગમ કરી ભવભીરુ બની યોગ્યતા મેળવવાની જરૂર છે. પહેલાં પોતે યોગ્ય બન્યા પછી જ ઉપદેશ આપનાર મહાનુભાવો પોતે તરે છે અને બીજાને તારવા સમર્થ બને છે. એટલા જ માટે વધુ સાવચેતી આપતાં શ્રી સિદ્ધસેન દિવાકરજી મહારાજ ફરમાવે છે—

जह जह बहुस्सुओ सम्मओ, य सिस्सगणसंपरिवुडो य
अविणिच्छिओ य समए तह तह सिद्धंतपडिणीओ ।
चरणकरणप्पहाणा, ससमयपरसमयमुक्कवावारा
चरणकरणस्स सारं, णिच्छयसुद्धं ण याणंति ॥

સિદ્ધાંતમાં નિશ્ચિત નહિ થયેલો કોઈ જેમ જેમ બહુ શ્રુતરૂપે મનાતો જાય અને શિષ્યસમૂહથી વીંટળાતો જાય તેમ તેમ તે સિદ્ધાંતનો શત્રુ બને છે. તેમજ જેઓ વ્રત અને તેના નિયમોમાં જ મગ્ન છે અને સ્વસિદ્ધાંત અને પર સિદ્ધાંતના ચિંતનનું કાર્ય છોડી બેઠા છે તેઓ નિશ્ચય દૃષ્ટિથી શુદ્ધ એવું વ્રતનિયમનું ફળ જ નથી જાણતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવાર્થ—જેને સિદ્ધાંતનું સુવિશુદ્ધ દૃઢ ચિંતન, મનન કે નિદિધ્યાસન નથી તેવો મનુષ્ય થોડા શાસ્ત્રાભ્યાસથી પોતાને બહુશ્રુત મનાવે; ઘણા શિષ્યો-ભક્તો અને ઉપાસકોની વૃદ્ધિ કરે, પણ તેથી કાંઈ તેના આત્માનું કલ્યાણ નથી થતું. તેમજ જેઓ સમ્યગ્ જ્ઞાન વિનાની એકલી ક્રિયામાં-શુષ્ક ક્રિયામાં જ નિમગ્ન બન્યા છે, સ્વસિદ્ધાંત અને પર સિદ્ધાંતનું ચિંતન છોડી બેઠા છે; વિશદ શાસ્ત્રજ્ઞાનથી રહિત છે તેઓ નિશ્ચય દૃષ્ટિથી તો વ્રતાદિ નિયમોના ફળથી જ વંચિત છે. સ્વસિદ્ધાંત અને પરસિદ્ધાંતના જ્ઞાન વિના મનુષ્ય સમ્યગ્જ્ઞાન પૂર્ણ રીતે કેવી રીતે પામી શકે? અને સમ્યગ્જ્ઞાન વિના યથાર્થ ક્રિયારુચિ-સંયમરુચિ પણ કેવી રીતે પ્રગટે? એને તે વિના આત્મશુદ્ધિ પણ કેમ થાય? માટે મુમુક્ષુ પ્રાણીઓએ તો શાસ્ત્રજ્ઞાન મેળવી શાસ્ત્રાનુસારી શુદ્ધ ધર્મક્રિયા કરવી જોઈએ.

[ ચાલુ

---

## સમિતિના પાંચ પૂજ્યોનાં ચતુર્માસ-સ્થલ

૧ પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ
ઠે. નેમુભાઈની વાડી, ગોપીપુરા, સુરત

૨ પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ
ઠે. લાલબાગ જૈન ઉપાશ્રય, ભૂલેશ્વર. મુંબઈ

૩ પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજ
ઠે. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, વઢવાણ કેમ્પ

૪ પરમપૂજ્ય મુનિમહારાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજ
શિવપુરી ( ગ્વાલીયર સ્ટેટ )

૫ પરમપૂજ્ય મુનિમહારાજ શ્રી દર્શનવિજયજી મહારાજ
ઠે. જૈન સોસાયટી, એલીસબ્રીજ, અમદાવાદ.

---

## भूल सुधार

'श्री जैन सत्य प्रकाश' के गत अंक-क्रमांक ११७-के पृष्ठ १९६ पर प्रकाशित 'आर्य वसुधारा के सम्बन्धमें विशेष ज्ञातव्य' शीर्षक मेरे लेखमें एक महत्वकी भूल हो गई है उसका परिष्कार यहाँ किया जाता है।

उक्त लेखकी १३ पंक्तिमें "मेवाडी सं. ८०४" छपा है वह गलत है। वास्तविकमें वहां "नेवारी (नेपालका) सं. ८०४" चाहिए।

नेवारीसंवत् और विक्रमसंवत्का अंतर ७३६ वर्षके लगभगका है अर्थात् नेवारी संवत् इतने वर्ष पीछे प्रचलित हुआ। —अगरचंद नाहटा

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દરેકે વસાવવા યોગ્ય

## શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

**(૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક**

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

**(૨) દીપોત્સવી અંક**

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીનાં સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક: મૂલ્ય સવા રૂપિયો.

**(૩) ક્રમાંક ૧૦૦ : વિક્રમ–વિશેષાંક**

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાંનો દળદાર સચિત્ર અંક: મૂલ્ય દોઢ રૂપિયો.

## શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] **ક્રમાંક ૪૩–જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના** જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક: મૂલ્ય ચાર આના.

[૨] **ક્રમાંક ૪૫–ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી** અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના.

## કાચી તથા પાકી ફાઇલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, ચોથા, પાંચમા, આઠમા, નવમા વર્ષની કાચી તથા પાકી ફાઇલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના બે રૂપિયા, પાકીના અઢી રૂપિયા.

## ભગવાન મહાવીરસ્વામીનું ત્રિરંગી ચિત્ર

ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી કનુભાઈ દેસાઈએ દોરેલું સુંદર ચિત્ર. ૧૦"×૧૪"ની સાઈઝ, સોનેરી બોર્ડર. મૂલ્ય ચાર આના ( ટપાલ ખર્ચનો દોઢ આનો ).

—લખો—

**શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ**
**જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.**

મુદ્રકઃ–મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય–અમદાવાદ. પ્રકાશકઃ–ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ. કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

For Private And Personal Use Only